# પ્રારંભિક શિક્ષણમાં ડિપ્લોમા
# (ડી.એલ.એડ.)

## અભ્યાસ- ૫૦૨
## *પ્રાથમિક વિદ્યાલયોમાં શૈક્ષણિક પ્રક્રિયા*

### વિભાગ- ૧
### અધિગમ અને શિક્ષણ પ્રક્રિયા

**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષા સંસ્થાન**
એ- ૨૪-૨૫, ઈન્સ્ટિટ્યુશનલ એરીયા, સેક્ટર- ૬૨, નોઈડા
ગૌતમબુધ્ધ નગર, યુપી- ૨૦૧૩૦૯.
વેબસાઈટઃ www.nios.ac.in

# પ્રારંભિક શિક્ષણમાં ડિપ્લોમા (ડી.એલ.એડ.)

## 502- પ્રાથમિક વિદ્યાલયોમાં શૈક્ષણિક પ્રક્રિયા

પુસ્તક -1

ભાષાંતર સંયોજક

ડૉ.રાજીવ પ્રસાદ


રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન

(MHRD નીચે સ્વાયત્ત સંસ્થા, ભારત સરકાર)

A-24-25, સંસ્થાકીય વિસ્તાર, સેક્ટર -62, નોઈડા -201309 (યુ. પી.)

વેબસાઈટ: www.nios.ac.in, ટોલ ફ્રી નં. . 18001809393

## વિશેષજ્ઞ સમિતિ

**ડૉ. સિતાંશુ. એસ. જેના**
ચેરમેન NIOS નોઈડા
**શ્રી. બી. કે. ત્રિપાઠી**
આઈ.એ.એસ
પ્રિન્સીપાલ સેક્રેટરી HRD ઝારખંડ સરકાર, રાંચી
**પ્રો. એ. કે. શર્મા**
પૂર્વ ડાયરેક્ટર NCERT,ન્યુ દિલ્હી
**પ્રો.એસ. વી. એસ. ચૌધરી**
પૂર્વ વાઈસ ચેરપર્સન NCTE
ન્યુ દિલ્હી
**પ્રો. સી. બી. શર્મા**
સ્કુલ એજ્યુકેશન IGNOU
ન્યુ દિલ્હી
**પ્રો. એસ. સી. અગરકર–**
પ્રોફેસર હોમી ભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશન મુંબઈ

**પ્રો. સી. એસ. નાગારાજુ**
પૂર્વ આચાર્ય આર.આઈ.ઈ.,(NCERT) મેસૂર
**પ્રો. કે. દોરાઈસામી**
પૂર્વ પ્રધાન,શિક્ષક,શિક્ષણ વિભાગ
અને એક્સટેન્શન NCERT ,ન્યુ દિલ્હી
**પ્રો. બી. ફલાચંદ્રા**
પૂર્વ પ્રધાન શિક્ષણ & ડીન માહિતી વિભાગRIE (NCERT)
**પ્રો. કે. કે. વશીષ્ટ**
પૂર્વ પ્રધાન DEE NCERT
ન્યુ દિલ્હી
**પ્રો. વસુધા કામત**
વાઈસ ચાન્સેલર
SNDT વુમન યુનિવર્સિટી મુંબઈ

**ડૉ. હુમા. મસુદ**
શિક્ષણ સ્પેશ્યાલિસ્ટ, યુનેસ્કો ન્યુ. દિલ્હી
**પ્રો. પવન સુધીર**
પ્રધાન આર્ટસ એન્ડ એથલેટીક
શિક્ષણ વિભાગ NCERT,ન્યુ દિલ્હી
**શ્રી બીનય પટનાયક**
શિક્ષણ સ્પેશ્યાલીસ્ય યુનિસેફ રાંચી
**ડૉ. કુલદિપ અગરવાલ**
ડાયરેક્ટર (એકેડેમિક)
NIOS (નોઈડા)
**પ્રો. એસ. સી. પાન્ડા**
સિનિયર કન્સલટેન્ટ (એકેડેમિક),NIOS નોઈડા
**ડૉ. કંચન બાલા**
એક્જ્યુકેટીવ ઓફીસર (એકેડેમિક)
NIOS નોઈડા

## કોર્ષ કોડીનેટર એન્ડ એડીટર - પ્રો. એમ. અમ. મોહંતી પૂર્વ ડાયરેક્ટર MKCL ઓરીસ્સા

## પાઠના લેખકો

**ડૉ. મોહંત મોહન મોહંતી**
ડાયરેક્ટર (નિવૃત)
SIEMAT ઓરીસ્સા
**ડૉ. પરશુરામ રાયસિંઘ**
શિક્ષણ રીડર (નિવૃત)
એન.ડી.ડબલ્યુ, કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન
ભુવનેશ્વર
**શ્રી સુદરસન સંતારા**
સિનિયર શિક્ષક
જિલ્લા રિસોર્સ સેન્ટર, સોનપુર
**શ્રી તપસકુમાર નાયક**
સિનિયર શિક્ષક
ડાયરેક્ટર ઓફ ટિચર એજ્યુકેશન
એન્ડ SCERT ઓરીસ્સા ભુવનેશ્વર
**શ્રીમતી સ્નેહાપ્રવા મોહાપાસા**
સિનિયર શિક્ષક
DIET કટક નારસિંઘપુર

**ડૉ. જી.સી. નંદા**
શિક્ષણ પ્રધાન
બી.જે.બી. ઓટોનમસ કોલેજ, ભુવનેશ્વર
**શ્રી કાર્તિકેશ્વર બેહેરા**
સિનિયર ષિક્ષક (નિવૃત)
DIET કોરાપટ જયપુર
**શ્રીમતી લીપકા સહુ**
સિનિયર શિક્ષક
DEET નયાગઢ રાજશુંખલા
**શ્રી પુરણા ચંદ્રા બ્રહ્મા**
સિનિયર શિક્ષક
જિલ્લા રિસોર્સ સેન્ટર, બૌધ
**ડૉ. રાજેન્દ્ર કુમાર નાયક**
લેક્ચર શિક્ષણ વિભાગ
રવોસ યુનિવર્સિટી કટક

**શ્રીમતી ચંદ્રિકા નાયક**
સિનિયર શિક્ષક
DIET નાયાગઢ, રાજશુંખલા
**ડૉ. સુસંધ્યા મોહંતી**
આચાર્ય DEET અંગુલ
ચેન્દીપાડા
**શ્રી પ્રશાંતકુમાર રથ**
આચાર્ય DIET પુરી
**ડૉ. દુર્ગા ચંદ્ર રાણા**
શિક્ષણ રીડર (નિવૃત)
બર્તક ઓટોનમસ કોલેજ
બર્તક
**શ્રી અનંતા કિશોર સ્વૈન**
પ્રોગ્રામ મેનેજર
સેન્ટર ફોર યુથ એન્ડ સોશિયયલ
ડેવલોપમેન્ટ (CYSD), ભુવનેશ્વર

## કન્ટેન્ટ એડીટર

**ડૉ. સુશ્મિતા મિશ્રા**
*પુર્વ ડાયરેક્ટર* SSS
NIOS NOIDA

## ભાષા એડીટર

**ડાં.એ.ડી. તિવારી**
*એશોસિયેટ પ્રોફેસર*
*શૈક્ષણિક સર્વે વિભાગ*
NCERT *ન્યુ દિલ્હી.*

## કાર્યક્રમ કો. ઓડિનેટર

**ડૉ. કુલદીપ અગ્રવાલ**
ડાયરેક્ટર (એકેડમીક)
NIOS NOIDA

**પ્રો. એસ. સી. પાન્ડા**
સિનીયર કન્સલ્ટન્ટ
(શિક્ષણ વિભાગ)
એકેડમી વિભાગ
NIOS, NOIDA

**ડૉ. કંચન બાલા**
એજ્યુકેટીવ ઓફીસર
(Teacher Education)
એકેડમીક વિભાગ
NIOS, NOIDA

## ભાષાંતર સમિતિ

**ઉષાબેન રાઠોડ**
*સિનિયર શિક્ષક*
*જે.એમ.ચૌધરી સ્કુલ,*
*સેક્ટર - ૭, ગાંધીનગર*

**શ્રી મુગેશ બારોટ**
*સિનિયર શિક્ષક*
*ગ્રેસીસ હાઈસ્કૂલ*

**શ્રી. સી.પી. રાજપુરોહિત**
*સિનિયર શિક્ષક*
*એમ.બી. પટેલ સ્કુલ*
*સેક્ટર - ૨૩, ગાંધીનગર*

**ડાં.રાજીવ પ્રસાદ**
*સહાયક નિર્દેશક (શૈક્ષિક)*
*ક્ષેત્રીય નિયામક,*NIOS
*ગાંધીનગર, ગુજરાત*

## કન્ટેન્ટ એડીટર

**ડાં. એન. જે. ગઢવી**
*આસીસ્ટન્ટ પ્રોફેસર*
*ગવર્મેન્ટ આર્ટસ કોલેજ,*
*ગાંધીનગર*

**ડાં.વર્ષાબેન પારેખ**
*સિનિયર શિક્ષક*
*એમ.બી. પટેલ સ્કુલ*
*સેક્ટર - ૨૩, ગાંધીનગર*

## કવર એન્ડ ડિઝાઈન

**શ્રી ડી. એન. ઉપ્રેતિ**
પબ્લીકેશન ઓફીસર
પ્રિન્ટિગ NIOS, NOIDA

**શ્રી ધર્માનંદ જોષી**
એક્જ્યુકેટીવ આસીસ્ટન્ટ
પ્રિન્ટિંગ, NIOS, NOIDA

## પેજ સેટિંગ

**શિવમ ગ્રાફેક્સ**
૫૩૧, રીષી નગર
દિલ્હી- ૩૪

## સેક્રેટરીઅલ આસીસ્ટન્ટ

**શ્રીમતી સુષ્મા**
જુનિયર આસીસ્ટન્ટ,એકેડમીક વિભાગ
NIOS, NOIDA

# અધ્યક્ષશ્રી નો સંદેશ

**પ્રિય તાલીમાર્થીઓ,**

*રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા માનવ સંસાધન વિકાસ મંત્રાલય ભારત સરકાર અંતર્ગત એક સ્વાયત્ત સંગઠન છે. માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક સ્તરે લગભગ ૨.૦૨ કરોડ તાલીમાર્થીઓ સાથે વર્તમાનમાં આ વિશ્વની સૌથી મોટી મુક્ત વિદ્યાલય શિક્ષણ વ્યવસ્થાતંત્ર છે. રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન પાસે પોતાના શૈક્ષણિક અને વ્યવસાયિક કાર્યક્રમો માટે દેશમાં તથા વિદેશ માં ૧૫ થી વધુ ક્ષેત્રીય કેન્દ્રો, ૨ ઉપકેન્દ્રો અને ૫૦૦૦ અધ્યન કેન્દ્રો નું રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય તંત્ર છે. આ તાલીમાર્થીઓ ને મુક્ત શિક્ષણના અને દુરવર્તી માધ્યમથી કેન્દ્રિક ગુણવત્તા શિક્ષા,કૌશલ્ય વિકાસ અને પ્રશિક્ષણ નો ઉપક્રમ પુરો પાડે છે. તેના કાર્યક્રમોમોનું વિતરણ મુદિત સામગ્રીના માધ્યમથી મુખાભિમુખ શિક્ષણથી સંયુક્ત સૂચના તેમજ સંચાર પ્રાદ્યોગિક દશ્ય શ્રાવ્ય કેસેટ્સ, આકાશવાણી દૂરદર્શન પ્રસારણથી જોડાયેલ હોય છે.*

*રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા પ્રારંભિક સ્તરે બિનતાલીમી શિક્ષકોને તાલીમ આપવા માટે અધિકૃત કરેલ છે. પ્રારંભિક શિક્ષણ આપવા માટે સંપન્ન કરેલ છે. પ્રરંભિક શિક્ષણ ડિપ્લોમા કાર્યક્રમ માટે તાલીમી પ્રસ્તાવ રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા દ્વારા તે ક્ષેત્રેમાં કાર્યરત અન્ય ઉપકરણો ના સહયોગથી વિકસિત કરેલ છે આ સંસ્થા શિક્ષણના અધિકાર કાનૂન ૨૦૦૭ અંતર્ગત વિવિધતાઓમાં વવિધ તાલિમ અને સેવાકાલીન માટેના પ્રારંભિક શિક્ષણ કાર્યક્રમમાં એક નવીનતમ અને પડકારજનક પદવી આપે છે.*

*રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થાનું પ્રારંભિક શિક્ષણ ડિપ્લોમા કાર્યક્રમના આ પદવી આપસૌને આવકારતા મને સુખદ અનુભૂતિ થઈ રહી છે. હુ રાજ્યનાં બાળકોનો પ્રારંભિક શિક્ષણમાં યોગદાન માટે આપનો આભાર વ્યક્ત કરું છું શિક્ષણનો અધિકાર કાનૂન અનુસાર તમામ શિક્ષકો માટે વ્યાવસાવિક રીતે તાલીમ પ્રાપ્ત કરવી અનિવાર્ય બની ગયું છે. આપણે જાણીએ છીએ કારણ કે એક અધ્યાપકના રૂપમાં આપનો અનુભવ એક શ્રેષ્ઠ શિક્ષક થવાને નાતે અપેક્ષિત કૌશલ્યો માટેની કુશળતા આપને પહેલેથી પ્રાપ્ત છે. કાનૂન દ્વારા તે અનિવાર્ય છે માટે આપે આ કાર્યક્રમ (તાલીમ) સંપન્ન કરવી જ રહી મને વિશ્વાસ છે કે આપના દ્વારા સંચિત રીત અને અનુભવ નિશ્ચિતપણે આપને આ કાર્યક્રમમાં સહાયક નિવડશે..*

*પ્રારંભિક શિક્ષણ ડિપ્લોમા કાર્યક્રમમાં પ્રશિક્ષણ મુક્ત અને અભ્યાસ ના માધ્યમથી આપવામાં આવે છે. એક શિક્ષકના રૂમમાં આવતા કાર્યમાં અવરોધરૂપ દુરવર્તી થયા વગર આપને વ્યવસાયિકથવાનો અવસર આપે છે. વિશેષ તો આપના ઉપયોગ માટે વિકસિત સ્વાધ્યાય આપને સેવા માટે યોગ્ય તેમજ આપના જ્ઞાનને સર્જનાત્મકતા ના માર્ગે વાળશે અને શ્રેષ્ઠ શિક્ષક બનવામાં સહાયક બનશે.*

*આ મહાન પ્રયત્નમાં શુભેચ્છાઓ સહ....*

**એસ. એસ. જેના**

*અધ્યક્ષ*

*રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થા*

| ભાગ | એકમ | એકમનું નામ | સૌધ્યાંતિક અધ્યન સમય (કલોકોમાં) | | પ્રયોગીક શિક્ષણ |
| --- | --- | --- | --- | --- | --- |
| | | | વિષયવસ્તુ | ક્રિયાકલાપ | |
| ભાગ-૧ અધિગમ અને શિક્ષણ પ્રક્રિયા | એકમ ૧ | પ્રારંભિક શાળા શિક્ષણ દરમિયાન ભણવું અને ભણાવવું | ૬ | ૪ | આપના અનુભવોના સહાયરૂપે શિક્ષણની ભુમિકાની ઓળખ. |
| | એકમ ૨ | અધિગમ અને શિક્ષણનો ઉપક્રમ | ૮ | ૫ | આપનાં સહકર્મીના વ્યવહારથી બાળ કેન્દ્રિત ઉપાગમના ગુણોની ઓળખ કરવી. |
| | એકમ ૩ | શિક્ષણ અને અધિગમની રીત | ૭ | ૪ | શિક્ષણ તેમજ અધિગમની પ્રક્રિયાની વિભિન્ન વિધિઓની વચ્ચે અંતર રાખવું. |
| | એકમ ૪ | વિદ્યાર્થી અને અધિગમ કેન્દ્રિત ઉપક્રમ | ૯ | ૭ | એકમમાં આપેલ વિભિન્ન ઉપક્રમનો પ્રબંધ સમસ્યાઓમાં ઉપયોગ સેમિનાર. |
| ભાગ- ૨ અધિગમ શિક્ષણ પ્રક્રિયાનું પ્રબંધન | એકમ ૫ | વર્ગખંડ પ્રક્રિયા પ્રબંધન | ૬ | ૩ | અધ્યાપક સહકર્મી દ્વારા વર્ગખંડ માં રાખેલ સાધનોની ઓળખ. |
| | એકમ ૬ | શિક્ષણ તેમજ અધિગમ સામગ્રી | ૭ | ૩ | વિભિન્ન વિષય ક્ષેત્રોમાં વિવિધ અવધારણા હેતુ શિક્ષણ અધિગમ સામગ્રીને અલગ કરવી. |
| | એકમ ૭ | વિવિધ પરિસ્થિતિઓનું નિર્માણ | ૮ | ૫ | વિવિધ કક્ષાએ વિભિન્ન વિષયમાં ક્રિયાકલાપોનો વિકાસ |
| | એકમ ૮ | અધિગમ ગતિવિધિઓની યોજના | ૫ | ૩ | શૈક્ષણિક તેમજ સહ શૈક્ષણિક ક્રિયાઓ પાઠ અને પાઠ વિવરણ ના વાર્ષિક કેલેન્ડરનો વિકાસ. |
| ભાગ- ૩ | એકમ ૯ | એકીકત અધિગમ શિક્ષણ પ્રક્રિયા | ૫ | ૨ | વિભિન્ન વિષયોની અવધારણા ના એકાકરણ માટે ક્રિયાનો વિકાસ |
| | એકમ ૧૦ | અધિગમ પ્રક્રિયા અને સાધનોના સંદર્ભ | ૫ | ૨ | લોક પરંપરાગત સાધનોનો સંગ્રહ અને શિક્ષણ અધિગમ પ્રક્રિયામાં તેનો ઉપયોગ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | એકમ ૧૧ | અધિગમ સૂચના તેમજ સંચાર પ્રાદ્યોગિક | ૬ | ૩ | પાઠના સંપાદન માટે સૂચના તેમજ સંચાર પ્રધોગિક સાધનોનો વિકાસ. |
| | એકમ ૧૨ | કોમ્પ્યુટર સાથે અધિગમ | ૬ | ૩ | વિભિન્ન વિષયમાંઅધિગમ કર્તાની ઉપલબ્ધિનું કોમ્પ્યુટરકૃત વિશ્લેષણ |
| એકમ-૪ અધિગમ આકલન | એકમ ૧૩ | આકલન તેમજ મુલ્યાંકનનો આધાર | ૭ | ૩ | સતત તેમજ વ્યાપક મૂલ્યાંકનનો કોઈ એક વિષયના ક્ષેત્રમાં સંચાલન, આયોજન. |
| | એકમ ૧૪ | આકલનના સાધનો તેમજ યુક્તિ-પ્રયુક્તિ | ૮ | ૫ | |
| | એકમ ૧૫ | અધિગમમાં સુધાર હેતુ આકલનના પરિણામોનો ઉપયોગ | ૭ | ૩ | વિભિન્ન વિષય ક્ષેત્રોમાં એકમ પરિક્ષણનો વિકાસ. |
| | એકમ ૧૬ | અધિગમ અને આકલન | ૭ | ૩ | વિભિન્ન વિષય ક્ષેત્રોના પ્રશ્નપત્રોનું વિશ્લેષણ,શિક્ષાર્થીઓના પરિણામનું વિશ્લેષણ તેમજ સંબંધિત પ્રશ્નો સાથે ચર્ચાના વિભિન્ન મુદ્દા |
| | | શિક્ષણ- | ૧૫ | | |
| | | યોગ- | ૧૨૨ | ૫૮ | ૬૦ |
| | | કુલ યોગ- ૧૨૨+૫૮+૬૦ = ૨૪૦ કલાક | | | |

# વિભાગ- ૧
# અધિગમ અને શિક્ષણની પ્રક્રિયા

| | |
|---|---|
| એકમ ૧ | પ્રારંભિક શાળા શિક્ષણ દરમિયાન ભણવું અને ભણાવવું |
| એકમ ૨ | શિક્ષણ  તેમજ અધિગમના ઉપાયો |
| એકમ ૩ | શિક્ષણ અને અધ્યાપન પદ્ધતિઓ |
| એકમ ૪ | શિક્ષાર્થી અને અધિગમ - કેન્દ્રિત ઉપાગમ |

# વિભાગ પરિચય

એક શિખનાર  તરીકે તમે બ્લોક ૧ લર્નિંગ અને અધ્યયન પ્રક્રિયા અભ્યાસ કરશો. આ બ્લોકમાં ચાર યુનિટ છે શિક્ષણ પ્રણાલી શીખવા સંબંધિત એકમો. દરેક એકમ વિભાગો અને ઉપવિભાગોમાં થયેલ છે.

**યુનિટ ૧:** આ યુનિટ તમને શીખવાનો ખ્યાલ અને પ્રક્રિયાની સમજ આપશે. તે જે પરિબળો શીખવાને પ્રભાવિત કરે છે, જેમ કે દરેક બાળક અનન્ય છે અને તેના પોતાનામાં શીખશે માર્ગ શીખવા માટે ઘણી રીતો છે, ઉદાહરણ તરીકે અનુકરણ, અવલોકન, શીખવાની અને શિક્ષણના વિવિધ પરિમાણોને સમજવા.

**યુનિટ ૨:** આ એકમ છે જે તમને શિક્ષણ સંબંધિત વિવિધ અભિગમોને સમજાવવા માટે સશક્ત બનાવશે. શિક્ષકો કેન્દ્રિત અભિગમ અને વિષય કેન્દ્રિત અભિગમ બંનેને પરંપરાગત અભિગમ તરીકે ગણવામાં આવે છે. સ્પર્ધાત્મકતા આધારિત અને બાળ કેન્દ્રિત અભિગમ આધુનિક છે શિક્ષણ અને શિક્ષણના અભિગમ, એનસીએફ, ૨૦૦૫ દરેક તરીકે રચનાત્મક અભિગમ પર ભાર મુકે છે અને દરેક બાળક જ્ઞાનના કન્સ્ટ્રક્ટર છે.

**યુનિટ ૩:** આ એકમ તમને વિવિધ પ્રકારની સંપુર્ણ સમજ આપવાનો પ્રયત્ન કરશે શિક્ષણ અને શિક્ષણ પદ્ધતિઓ કેટલીક પદ્ધતિઓ છે જે સુચનો પર આધારિત છે. ઉદાહરણ લેક્ચર પદ્ધતિ, નિદર્શન પદ્ધતિ, ઈન્ડિવિવટિવ અને આનુમાનિક પદ્ધતિ. ત્યાં પણ છે અમુક પદ્ધતિઓ જે શીખનાર મૈત્રિપુર્ણ છે, એટલે કે રસ્તો પદ્ધતિ, સમસ્યાનું નિરાકરણ પદ્ધતિ અસરકારક શિક્ષણ અને શિક્ષણ પ્રક્રિયા માટે શ્રેષ્ઠ સંયોજન પસંદગી ની જરૂર છે.

**યુનિટ ૪:** તમે નીચે પ્રમાણે છે તે માટેના વિવિધ અભિગમોને સમજી શકશો શીખનાર કેન્દ્રિત અભિગમ, સહકારી શિક્ષણ, સહયોગી શિક્ષણ વગેરે. વધુ તમે પ્રવૃતિ આધારિત અભિગમ સાથે પરિચિત , શીખવાની પ્રવૃતિઓ અને તેમના તત્વોનું પ્રકૃતિ પ્રવૃતિ આધારિત અભિગમને પ્રાથમિક સ્તરે એક મહત્વપુર્ણ અભિગમ તરીકે ગણવામાં આવે છે.

# વિષયવસ્તુ


| ક્રમ | પાઠનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૧ | પ્રારંભિક શાળા શિક્ષણ દરમિયાન ભણવું અને ભણાવવું | ૧ |
| ૨ | શિક્ષણ  તેમજ અધિગમના ઉપાયો | ૩૦ |
| ૩ | **શિક્ષણ અને અધ્યાપન પદ્ધતિઓ** | ૫૬ |
| ૪ | શિક્ષાર્થી અને અધિગમ - કેન્દ્રિત ઉપાગમ | ૮૬ |

નોંધ

# એકમ- ૧. પ્રારંભિક શાળા શિક્ષણ દરમિયાન ભણવું અને ભણાવવું

માળખું


૧. પરિચય

૨. શિક્ષણ ઉદ્દેશો

૩. શિક્ષણ પ્રક્રિયા

૧.૨.૧ ખ્યાલ અને પ્રક્રિયા

૧.૨.૨ શિક્ષણને અસર કરતા પરિબળો

૧.૩ બાળક કેવી રીતે શીખે છે ૩ ?

૧.૩.૧ અનુકરણ

૧.૩.૨ અવલોકન

૧.૩ .૩ પ્રયત્ન અને ભુલ

૧.૩. ૪ ભાગીદારી

૧.૩ .૫ તપાસ / શોધ

૧.૩ .૬ સમસ્યા ઉકેલ

૧.૩ .૭ અર્થ નિર્માણ તરીકે શીખવું

૧.૪ અધ્યાપન પ્રક્રિયા

૧.૪.૧ વર્તન ફેરફાર માટે અધ્યાયન

૧.૪.૨ બોધાત્મક વિકાસ માટે અધ્યાપન

૧.૪.૩ અનુભવ નિર્માણ માટે અધ્યાયન

૧.૫ સારાંશ

૧.૬ પ્રગતિના મબલિયાંકન માટેના આદર્શ ઉત્તરો

૧.૭ સંદર્ભ ગ્રથ / કેટલાક ઉપયોગી પુસ્તકો

૧.૮ યુનિટના અંતે મહાવરો


## ૧.૦ પરિચય

એક શિક્ષક તરીકે આપ શિક્ષણ અને અધ્યાપન એમ બન્ને પ્રક્રિયાઓથી સારી રીતે પરિચિક હશો. કારણ કે તમે વિદ્યાર્થિઓને શિક્ષણ આપવામાં વ્યસ્ત રહ્યા છો. સામાન્ય રીતે આપ એવી અપેક્ષા રાખો છો કે બધા વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા પ્રમાણે શિક્ષણ અનુભવ મેળવી આપના વર્ગમાં ઉત્તમ હોય. જ્યારે બધા શિક્ષકોની સરખી અપેક્ષા હોય છે. જેમકે નવા અનુભવો મેળવવા

નોંધ

માટે વિદ્યાર્થિઓ દ્વારા શિખવાનો પ્રયત્ન કરવો. પરંતું દરેક અધ્યાપક વ્યક્તિગત રીતે આ ઉદ્દેશ પ્રાપ્ત કરવા માટે સમાન પદ્ધતિઓનો ઉપયોગ કરતા નથી.

આવો પ્રાથમિક શાળાના બે વર્ગોની નીચે દર્શાવેલ સ્થિતિઓ પર ચર્ચા કરીએ.

સઆપને ભમાવવા માટે ૧૨ કલાકની આવશ્યકતા રહેશે.

- પહેલી સ્થિતિમાં વર્ગખંડ સંપુર્ણ રીતે શિક્ષક કેન્દ્રિત હતો. શિક્ષકે પાઠનું આયોજન કર્યુ, અને શીખવા અને શીખવવાની સામગ્રીને વ્યવસ્થિત ગોઠવી, ખ્યાલોની સમજુતી આપી, પ્રશ્નો પુછ્યા અને વર્ગખંડની અન્ય પ્રવૃતિઓ કરી. વિદ્યાર્થીઓએ નિષ્ક્રિય ભુમિકા ભજવી અને અપેક્ષા અનુસાર શિક્ષક દ્વારા અપાયેલ સુચનાઓનું પાલન કર્યું.
- બીજી સ્થિતિમાં વિદ્યાર્થીઓ વર્ગખંડની શિક્ષણ પ્રક્રિયામાં સક્રિય રીતે વ્યસ્ત હતા અને શિક્ષક માત્ર સુચનાલક્ષી માહિતીનું સંચાલન કરતા હતા. વિદ્યાર્થીઓ પોતાની સાથે સામગ્રી લઈને આવ્યા હતા. તેઓએ ચાર્ટ તૈયાર કર્યા, છોડના વિવિધ ભાગો પર લેબલ લગાવ્યા, ચાર્ટોને પ્રદર્શિત કર્યા અને સ્વેચ્છાએ મુલ્યાંકન કાર્યમાં ભાગ લીધો.

તેવી પ્રતિતિ થાય છે કે શિક્ષણની બે પદ્ધતિઓ વચ્ચેના તફાવતનું કારણ શિક્ષકના વિદ્યાર્થીઓ પ્રત્યેના વ્યવહારમાં રહેલી ભિન્નતા છે. વાસ્તવમાં ભણવા ભણાવવાની પ્રક્રિયાની મુળભુત માન્યતાઓમાં તફાવત હતો. શ્રીમાન રામનને વિશ્વાસ હતો કે બાળકો નાના અને ઓછા અનુભવી છે અને તેમને શિક્ષણના તથ્યો શીખવવાની આવશ્યક્તા છે. મીસ સીમાને વિશ્વાસ હતો કે વિદ્યાર્થીઓ પાસે વર્ગ ખંડમાં આવતા પહેલા ચારે તરફના વાતાવરણથી પ્રાપ્ત થયેલો અનુભવ છે અને જેનો ઉપયોગતે નવા અનુભવો પ્રાપ્ત કરવા માટે કરી શકે છે.

બાળકો વિશેની માન્યતાઓ અને ધારણાઓ, શિક્ષકની ભૂમિકા, વર્ગખંડની પરસ્પરની ક્રિયા-પક્રિયા અને મૂલ્યાંકનની પદ્ધતિ, વાસ્તવિક શિક્ષણ પ્રક્રિયા અને અભ્યાસને પ્રભાવિત કરે છે. કેટલાક શિક્ષકો બાળકોના અવલોકનાત્મક વ્યવહારને બદલવા માટે શિક્ષણ પ્રક્રિયા અને મહાવરા પર ભાર મૂકે છે અને કેટલાક જ્ઞાનાત્મક યોગ્યતાને વિકસિત કરવા પર ભાર મૂકે છે. તેમજ કેટલાક શિક્ષકોને એવો વિશ્વાસ છે કે બાળકોને જાતે જ્ઞાન નિર્માણ કરવામા તેમની મદદ કરી શકાય છે. એક શિક્ષક તરીકે તમારે વિભિન્ન અભ્યાસ તથા તેના માટે આધારભુત માહિતી વિશે જાગૃતતા લાવવી જરૂરી છે અને એવું એટલા માટે છે જે તમે આ એકમમાંથી શીખશો. આપ શિક્ષણ પ્રક્રિયાની પ્રકૃતિ વિશે જાણશો. બાળકો કઈ પદ્ધતિથી શીખે છે અને પ્રભાવી માન્યતા અંગેનુ માર્ગદર્શન મેળવશો. શિક્ષણ અભિગમ પ્રક્રિયાના સિદ્ધાંતો તથા અભ્યાસના નીચે મુજબના ત્રણ ઉપયોગો છે.

૧. વર્તન પરિવર્તન

૨. સમસ્યા ઉકેલ અને

૩. અનુભવોનું નિર્માણ

આની ચર્ચા કરવામાં આવશે. નાના બાળકો માટેની શિક્ષણ પદ્ધતિ અર્થપૂર્ણ રીતે પ્રાપ્ય છે. એવો વિશ્વાસ છે કે જ્યારે શિક્ષણ બાળક માટે અર્થપૂર્ણ હોય છે. ત્યારે તે શિક્ષણને પ્રેમ કરે છે અને ત્યારે તે હંમેશા શિક્ષણમય રહે છે.

જ્યારે તમે એકમને ભણાવી રહ્યા છો ત્યારે આપે અને બાળકોએ ધ્યાનમાં રાખવું જોઈએ કે બાળકોએ હજી પ્રાથમિક શાળામાં આવવાનું શરૂ કર્યું છે. આ એકમના વિવિધ ખ્યાલોને સંપુર્ણ રીતે સમજવા માટે આપે ૧૨ કલાક ભણાવવાની આવશ્યકતા રહેશે.





## ૧.૧ શિક્ષણના ઉદ્દેશો

આ એકમના પુર્ણ થયા પછી આપ એ યોગ્ય થઈ શકશો કે ,

- શિક્ષણની સંકલ્પના અને પ્રક્રિયાને સમજાવી શકશો.
- શિક્ષણ પ્રક્રિયાને પ્રભાવિત કરનાર ઘટકો પર પ્રકાશ પાડી શકશો.
- શિક્ષણના વિભિન્ન સિદ્ધાંતો અને મોડેલનું વર્ણન કરી શકશો.
- શિક્ષણ અને અધ્યાપનના પરંપરાગત અને આધુનિક અભિગમો વચ્ચેનું અંતર જાણી શકશો.

## ૧.૨ શિક્ષણ પ્રક્રિયા

શિક્ષણ એટલે શું ? બાળક કેવી રીતે શીખે છે ? આપણે બાળકોના શિક્ષણને કેવી રીતે સરળ બનાવી શકીએ ? એક શિક્ષકના રૂપમાં તમારી સમક્ષ આ પ્રકારના પ્રશ્નો છે જે શાળામાં બાળકોને શિક્ષણને આકાર આપે છે. આ જવાબદારીને સંતોષકારક રીતે નિભાવવા માટે તે સમજવા જરૂરી છે.

### ૧.૨.૧ શિક્ષણનો ખ્યાલ અને પ્રક્રિયા

આપના ભણવા માટે અને ચિંતન માટે નીચે કેટલાક તથ્યો આપેલ છે.

- સંસારમાં આપણી ચારે બાજું શું થઈ રહ્યુ છે, આપણે શું કરવું અને આપણે શું અવલોકન કરવું છે. આ બધા માટે શિક્ષણ વધુ કે ઓછા સ્થાયી પ્રમાણમાં રૂપાંતરિત થવાની એક પ્રક્રિયા છે.
- શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જેમા તાલીમ દ્વારા વ્યવહારને મુળમાંથી પરિવર્તીત કરી શકાય છે.(પાકૃતિક વાતાવરણ માટે અથવા તો પ્રયોગ શાળામાં)
- શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિ વિભિન્ન ટેવો, જ્ઞાન અને પ્રવૃતિ પ્રાપ્ત કરે છે. જે સામાન્ય રીતે જીવનની માંગ પ્રમાણે પ્રાપ્ત કરવું જરૂરી છે.
- શિક્ષણ વ્યક્તિત્વ (જ્ઞાનાત્મક, પ્રભાવકારી, પ્રવૃત્તિપુર્ણ, ઉત્સાહપર્ણ વ્યવ્હાર પુર્ણ અને અભ્યાસાત્મક)માં સંપુર્ણ રીતે પરિવર્તન કરે છે તથા તેના પ્રદર્શનમાં પરિવર્તનની ચમક જોવા મળે છે, ક્યારેક ક્યારેક આ અભ્યાસ દ્વારા આવે છે. તેમ છતાં આ અંતરદ્દષ્ટિ કે અન્ય કોઈ માધ્યમ કે ચિતનથી પણ જન્મી શકે છે. (Sahakin 1976 P3)

ઉપરના તથ્યો આપણને શિક્ષણની ત્રણ વિસ્તૃત પદ્ધતિઓને સમજવા તરફ નિર્દેશ કરે છે.
શિક્ષણને ત્રણ પ્રકારને સુનિશ્ચિત કરી શકાય છે.

- વ્યવહારનું પુર્ણ તથા સ્થાયી રૂપાંતરણ
- જીવનની માંગ સાથે તાલ મીલાવવા માટે જરૂરી ટેવો, જ્ઞાન તથા વૃતિને ગ્રહણ કરવા.
- વ્યક્તિમાં પુર્ણ રીતે સ્થાયી પરિવર્તન (તમામ સંભવિત વિભાગોમાં ) શિક્ષણ પ્રક્રિયાની વિશેષતાઓ નીચે પ્રમાણે છે.
- શિક્ષણ નિરંતર પરિવર્તન પામતી પ્રક્રિયા છે : બાળપણથી જ દરેક માનવી પોતાના વ્યવહાર વિચાર,પ્રવૃતિ,રસ વગેરે દ્વારા પોતાના વ્યવહારમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે. એવું તે એટલા માટે કરે છે કે જેથી જીવનની ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાની જાતને સ્વસ્થ રાખી શકે.



નોંધ



- શિક્ષણ એક પ્રત્યક્ષ લક્ષ્ય છે : દરેક મનુષ્ય પોતાના જીવનમાં કેટલાક લક્ષ્ય પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે. આ લક્ષ્યોને શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ જો કોઈ લક્ષ્ય ન હોય શિક્ષણની કોઈ આવશ્યકતા રહેતી નથી.
- શિક્ષણ હેતુ લક્ષી પ્રક્રિયા છે.
  જ્યારે કોઈ વ્યક્તિ પોતાના માટે કોઈ લક્ષ્ય નક્કી કરે છે. ત્યારે તે લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સમજી વિચારીને કોઈ ક્રિયા કરે છે. જો તેની પાસે પોતાને લક્ષ્ય સુધી પહોચાડવા માટે કોઈ વિચાર નથી અથવા તો તે તેના વિશે બિલકુલ શાંત છે. ત્યારે તેનું તેના લક્ષ્ય સુધી પહોંચવુ મુશ્કેલ છે. એનો અર્થ એમ થયો કે તેનુ શિક્ષણ નબળુ છે.
- શિક્ષણ એક સક્રિય પ્રક્રિયા છે : કંઈક શીખવી માટે શારીરીક માનસીક કે બંન્ને પ્રકારની કોઈક ક્રિયા પ્રક્રિયા કરવી આવશ્યક હોય છે. નવા અનુભવો શીખવા માટે મગજ સક્રિય હોવું જરૂરી છે. એના વગર શિક્ષણ પ્રાપ્ત કરવું શક્ય નથી.
- શિક્ષણ વ્યક્તિવાદી છે : આપે વર્ગખંડમાં નિરિક્ષણ કર્યુ હશે કે કેટલાક બાળકો ખુબ જ ઝડપથી શીખે છે, જ્યારે કેટલાક ધીરે ધીરે શીખે છે. વાસ્તવમાં દરેક વ્યક્તિની શિક્ષણ મેળવવની ગતિ અલગ અલગ હોય છે.
- શિક્ષણ એક વ્યક્તિની વાતાવરણ સાથેની પરસ્પર ક્રિયાનું પરિણામ છે. એક શિક્ષકના રૂપમાં બાળકોને પ્રોત્સાહિત કરવા માટે સાવધાની પુર્વક વાતાવરણ તૈયાર કરવું પડે છે. જ્યારે તે આપની સાથે પરસ્પર વાર્તાલાપ કરે છે. પોતાના વર્ગ મિત્રો સાથે વાર્તાલાપ કરે છે. તથા શિક્ષણની સામગ્રી સાથે પરસ્પર ક્રિયા કરે છે.
- શિક્ષણ સ્થાનાંતરિત પ્રક્રિયા છે : એક સ્થિતિમાં કરેલું શિક્ષણ કાર્ય અન્ય સ્થિતિઓમાં સમસ્યા ઉકેલવામાં પણ ઉપયોગી થઈ શકે છે. ગણીત, વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાન તથા ભાષાનું શિક્ષણ બાળકોના વાસ્તવિક જીવનમાં વિભિન્ન ક્રિયા પ્રક્રિયાઓના પ્રદર્શનમાં સહાયભુત થાય છે.

## ૧.૨.૨ શિક્ષણને પ્રભાવિત કરતાં પરિબળો :-

આપે એ નિરિક્ષણ કર્યુ હશે કે કોઈ વ્યક્તિ ગાડી ચલાવવાનું, તરવાનું કે રસોઈ કરવાનું કાર્ય સરળતાથી શીખી લે છે, જ્યારે કેટલાક લોકો માટે તે સરળ હોતુ નથી. આવું શા માટે થાય છે ? તે શું શીખે છે , કેવી રીતે શીખે છે , આ સંદર્ભમાં વ્યક્તિગત ભિન્નતા માટેના કયા કારણો હોઈ શકે છે ? વગેરે પ્રશ્નોના ઉત્તરો મેળવો. આવો શિક્ષણને પ્રભાવિત કરનારા વિવિધ પરિબળોને સમજવા પ્રયત્ન કરીએ.

- **શિક્ષણ અને પરિપક્વતા :-** પરિપક્વતા વૃધ્ધિ અને વિકાસની પ્રક્રિયા સાથે સંબંધિત હોય છે. જે પરિવર્તનોનું વર્ણન કરે છે. જે અપેક્ષાયુક્ત વાતાવરણના પ્રભાવથી સ્વતંત્ર છે. તેમજ તેવું માનવામાં આવે છે કે તે વંશવાદ કે પરંપરાવાદી પ્રભાવથી પુર્ણરૂપે સંબંધીત છે. બીજા શબ્દોમાં કહીએ તો શિક્ષણ જે તે સમયના વાતાવરણની સાથે વેયક્તિગત પારસ્પરિક ક્રિયાઓ દ્વારા પ્રાથમિક આકાર પ્રાપ્ત કરે છે.

ઉદાહરણ :- ચાલવાની શરૂઆત કોઈ નિશ્ચિત માંસપેશીઓઓના સમુહની પરિકવતા તથા તેની



નોંધ

વધવાની ગતિના નિયંત્રણ પર નિર્ભર કરે છે. (પરિપક્વતાનો વિકાસ) પરંતુ ચાલવું વિભિન્ન કૌશલ્યોના અભ્યાસ અને પરિસ્થિતિ વિના (વાતાવરણ અને શિક્ષણ) કોઈના માટે શક્ય નહી. તેવી જ રીતે બોલવાની શરૂઆત એ પરિપક્વતાથી પ્રભાવિત હોય છે. કોઈ પણ પ્રકારના અભ્યાસ અને શિક્ષણ વિના અર્થપુર્ણ રાતે બોલી શકાય નહી જે શિક્ષણથી પ્રભાવિત છે. આપણે એ પણ જાણીએ છીએ કે એક છ મહિનાના બાળકને ઘડિયા શીખવવા અસંભવ છે.જ્યાં સુધી તે માનસીક રીતે પરિપક્વ ન થાય ત્યાં સુધી તે નિશ્ચિત સ્તર સુધી પહોંચી શકતા નથી.

- **શીખવાની તત્પરતા :-** જ્યારે બાળકો વર્ગખંડમાં શિક્ષણ સામગ્રીની વ્યવસ્થા કરી રહ્યા હોય ત્યારે તમારે બાળકોની પાસે અસાવધાની પુર્વક જવું જોઈએ. જ્યારે તે તમારા પ્રશ્નોના જવાબ નથી આપતા ત્યારે તમે તેમનાથી નિરાશ થઈ જાઓ છો ? આવું શા માટે થાય છે ? શુ તમે આ વિશે બાળકો સાથે ચર્ચા કરવાનો પ્રયત્ન કર્યો છે ?

એવા ક્યા મનોશારીરિક અથવા સામાજીક કારણો હોઈ શકે જેના કારણે બાળકો શીખવા માટે તૈયાર થતા નથી. આ જુદા પ્રકારની તત્પરતા છે ? કેટલીક શારીરિક પરિપક્વતા સાથે સંબંધિત છે (જે બાળક ચાલવા યોગ્ય નથી તે દોડમાં ભાગ નહી લઈ શકે). કોઈ બૌધ્ધિક પરિપક્વતા સાથે સંબંધિત હોય છે. અને કેટલીક પુર્વ સુચનાઓ અંગેની માહિતી ગ્રહણ કરવાની પરિપક્વતા સાથે સંબંધિત છે. (જે બાળક સરવાળો કરવાનું નથી જાણતો તે ગુણાકાર કરતા કેવી રીતે શીખી શકે) અને કોઈ પ્રોત્સાહનની પરિપકિવતા સાથે સંબંધ ધરાવે છે.

વિદ્યાર્થીની માનસિક તત્પરતા શિક્ષણ માટે અતિ આવશ્યક છે. દા.ત. ભાષા શિક્ષણની પરિસ્થિતિમાં જ્યાકે બાળક પ્રાથમિક સ્તર પર હોય ત્યારે અઘરા શબ્દો અને વાક્યો શીખવાની અપેક્ષા રાખી શકાય નહી. સમાનરૂપથી શારીરીક ક્રિયાઓ જેમ કે ટાઈપ કરવું, નૃત્ય કરવું વગેરેમાં બાળકોની શારીરીક તત્પરતાની આવશ્યકતા હોય છે. જ્યારે બાળક શીખવા માટે તત્પર હોય છે ત્યારે પ્રભાવકારી શિક્ષણનો ખ્યાલ આવે છે. બાળકોને ભાવાત્મક અને બૌદ્ધિક વિકાસનું જ્ઞાન હોવું આવશ્યક છે.

- **શૈક્ષણિક વાતાવરણ :-** શાળાના પ્રભાવશાળી શિક્ષણ માટે શાળાનું વાતાવરણ શિક્ષણને અનુકુળ હોવું જરૂરી છે. સમય અને સ્થાન અનુસાર ભણવા અને ભણાવવાની પ્રક્રિયામાં પરસ્પર ક્રિયાની અનુમતિ હોવી જરૂરી છે. ઉદિપ્ત શિક્ષણ વાતાવરણના સર્જન અને નિર્માણ, પ્રભાવશાળી વર્ગના સંગઠન દ્વારા, પારસ્પરિક ક્રિયા દ્વારા અને સમગ્ર શાળાના પ્રદર્શન અને શોધ પુર્ણ વાતાવરણ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

બે વર્ગખંડોની નીચે મુજબની સ્થિતિની કલ્પના કરો.

એક ક્ષણ માટે વિચારો કે ઉપરમાંથી કઈ સ્થિતિ પ્રભાવકારી શિક્ષણ માટે ઉપયોગી છે. અને કેમ ? આપના પોતાના શાળાના દિવસો વિશે પણ વિચારો, શું યાદ આવે છે ? શિક્ષણ પ્રક્રિયામાંથી કઈ ક્રિયા તમને વધારે સંતોષ આપે છે ? કદાચ સમુદાય કે સમાજમાં વર્ગથી બહાર ક્ષેત્રીય ભ્રમણ, સમુહક્રિયા- કાર્ય પરિયોજના કે શિક્ષણ વગેરેમાં આપને વધુ સંતોષ મળે છે. વાસ્તવમાં ઉપર પ્રમાણેનું પ્રભાવશાળી વાતાવરણ જેમ કે વર્ગનો આવકાર, માપ, દિવાલોને કલર, ભોંયતળીયાની સુંદરતા, હવા-રોશની તેમજ સાથે સાથે પ્રભાવશાળી વર્ગનું સંગઠન જેને કારણે બાળકો જાતે જ શિક્ષણમાં લાગી જાય છે. સુરક્ષીત રોચક તથા આરામદાયક, મૈત્રિપુર્ણ વાતાવરણ વિદ્યાર્થીઓને આપના દ્વારા આપવામાં આવેલ શિક્ષણ કાર્યોમાં વ્યસ્ત કરી નાંખે છે.

નોંધ

- **શિક્ષણ અને પ્રેરણા :-** પ્રેરણા એ આંતરીક શક્તિ છે. જે વ્યક્તિને કાર્ય પુરૂ કરવા સુધી સમગ્ર ક્રિયાને નિયંત્રણ તથા દિશા આપે છે. પ્રરણા બે પ્રકારની હોય છે. આંતરિક પ્રેરણા તથા બાહ્ય પ્રેરણા
- **આંતરિક પ્રેરણા :-** આંતરિક પ્રેરણા રસ તથા આનંદ સાથે જાતે ઉત્પન્ન થાય છે નહી કે કોઈ બાહ્ય શક્તિને કારણે. આંતરીક પ્રેરણા કોઈ ક્રિયા કરવાના આનંદ પર આધારીત હોય છે નહી કે કોઈ પુરસ્કાર કે લાલચને કારણે ઉદાહરણ : વિજ્ઞાન- ગણીતના પ્રોજેક્ટ વિદ્યાર્થીને કદાચ એટલો આનંદ આપે કે જેના ફળસ્વરૂપે વિદ્યાર્થી જાતે જ ક્રિયા કરવા માટે પ્રેરીત થઈ જાય.
- **બાહ્ય પ્રેરણા :-** કોઈ બાહ્ય ઉદ્દેશની પ્રાપ્તિ માટે કાર્ય કરવું એ બાહ્ય પ્રેરણા છે. ઉદાહરણ :કોઈ વિદ્યાર્થિ માતા-પિતા ગુસ્સાથી બચવા માટે અથવા તો તેમને નિરાશ ન કરવાના કારણે લેશન કરે છે. તેઓ બાહ્ય પ્રભાવથી પ્રેરીત છે. બાહ્ય પ્રરણાના સ્રોત ઈનામ, પ્રશંસા, પૈસા, માર્કસ વગેરે હોઈ શકે છે. જો માતા-પિતા કે શિક્ષક બાળકોને સફળતા પુર્ણ કાર્ય કરવા પર ઈનામ કે ભેટ આપે છે તો તે બાહ્ય પ્રેરણા છે.

સાચી અને ઉપયોગી પ્રેરણા વિદ્યાર્થીઓમાં શિક્ષણને પ્રોત્સાહિત કરે છે. એક શિક્ષક તરીકે બાળકોનું ધ્યાન શિક્ષણ તરફ કેન્દ્રીત કરવા માટે તમારે ઉપર દર્શાવેલ યુક્તિઓ વિચારવી જોઈએ.

E-2 કોઈ બે ઉદાહરણ આપો જે આંતરીક પ્રરણા બાહ્ય પ્રેરણના અભિગમ માટે ઉપયોગી હોય.

## ૧.૩ બાળક કેવી રીતે શીખે છે

આપે ઘણા બધા બાળકોને પહેલા ધોરણમાં પ્રવેશ મેળવતા જોયા હશે. આ વિદ્યાર્થીઓ પહેલી વાર શાળામાં ઔપચારિક અભ્યાસક્રમ અનુસાર શિક્ષણ માટે આવે છે. શું તમે જાણો છો કે આ બાળકો પહેલા કશુ શીખ્યા નથી અને સૌ પ્રથમ વાર શીખી રહ્યા છે?

પ્રવૃતિ- ૧

શ્રીમાન બિનય આપની જેમ જ એક પ્રાથમિક શાળામાં શિક્ષક છે. તે એક નવો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી કે જેનું નામ જુહુમ્પા છે. તેની સાથે વાતચીત કરી તેનું અવલોકન કર્યું અને નીચે પ્રમાણેની ક્રિયાઓની યાદી બનાવી જે તેણીની આસાનીથી કરી શક્તી હતી.

- તે સાધારણ વાક્યો દ્વારા પોતાની ભાવનાઓ વ્યક્ત કી શકતી હતી.
- તે વિષય અનુસાર ક્રિયાનાં યોગ્ય કાળનો ઉપયોગ કરી બોલી શકે છે.
- તે સાધારણ પ્રશ્નો જેમ કે "તમે બપોરના ભોજનમાં શું ખાધુ ? " આપ કઈ રમત પસંદ કરો છે, કાલે તમારા ઘરે કોણ આવ્યુ હતું ? વગેરેના ઉત્તરો આપે છે. તે જિજ્ઞાસુ છે અને ઘણા બધા પ્રશ્નો પુછે છે
- તે શિક્ષકની સુચના પ્રમાણે કાર્ય કરે છે અને તેમની વાતોને સમજે છે. "ઉભા થઈ જાવ" "ડાબી તરફ વળો" "પોતાની આખો બંધ કરો" વગેરે
- તે પોતાની પસંદ પ્રમાણેના ગીતો ગાય છે.
- તે પોતાના વર્ગના બાળકો સાથે રમતના નિયમોનું પાલન કરતાં કેટલીક રમતો રમે છે.

ધ્યાનમાં રાખો વિગત લાંબી છે.કોઈ પણ સામાન્ય બાળક આ બધી ક્રિયાઓ કરી શકે છે. પરંતુ જહુમ્પા આ બધી પ્રક્રિયા સરળતાથી કરતાં શીખી તેની ચારે તરફ તથા કુટુંબમાં તેમજ પડોશમાં ઘણા બધા માણસો હતા.તેમ છતાં તેમાંથી કોઈપણ એ આ ક્રિયાઓ કરતાં તેને નથી શીખવી. જો કે સ્પષ્ટ છે કે જે એ કરતી હતી શિક્ષણની જગ્યા નથી કોઈ પણ ચારે બાજુથી આ સંસારમાં અનુભવ

મેળવવાની પદ્ધતિને જાનીએ છીએ તે આપણે વર્ગ ખંડમાં પ્રક્રિયાના ઉપયોગથી અભિગમને વધારે પ્રકૃતિક,અર્થપુર્ણ અને શીખવામાટે સરળ બનાવી શકી એ છીએ. ચાલો બીજા દ્વારા પણ અને તેના અભિગમ સ્વત: થઈ જાય છે.

નોંધ

## ૧.૩.૧ અનુકરણ

સામાન્ય રાતે વ્યક્તિ કોઈ કાર્ય અનુકરણ,વ્યવહાર અથવા તો કોઈ અન્ય પ્રકારની ક્રિયાથી શીખે છે. આ પણ કોઈ મુખ્ય પ્રક્રિયાઓ છે. જેનાથી બાળકો નવા અનુભવો અને વ્યવહાર કરતાં શીખે છે અનુકરણ કોઈ અન્ય વ્યક્તિના વ્યવહારની નકલ છે.બાળક દરેકનું અનુકરણ નથી કરતું તે વાસ્તવમાં જેને પસંદ કરે છે તેને ચુંટે છે અને તેનું અનુકરણ છે. કારણ કે તે વ્યક્તિની ક્રિયાઓ બાળકને આકર્ષિત કરે છે. આવી વ્યક્તિ અનુકરણ માટે આદર્શ બની જાય છે.તે આદર્શ વ્યક્તિ કોઈ પણ હોઈ શકે જે બાળકના પ્રત્યક્ષ રીતે સંપર્કમાં હોઈ શકે છે. જેમ કે માતા-પિતા, શિક્ષક કે અન્ય કોઈ વ્યક્તિ કે જેનામાં ગુણ હોય. કોઈ એવી વ્યક્તિ હોય છે જે પ્રત્યક્ષ રીતે બાળકના સંપર્કમાં હોતા નથી તે છતાં તેઓ બાળકો માટે પોતાના આદર્શ હોય છે. ઉદાહરણ તરીકે અશોક સમ્રાટ, શિવાજી, અકબર, ગાંધી, નહેરુ, મધરા ટેરેસા, શ્રી રામ, શ્રી કૃષ્ણ, મીરાબાઈ, ઈશુખ્રિસ્તિ, ફિલ્મી એક્ટર, રમતવીર વગેરે. આ ઉપરાંત પ્રસિદ્ધ કાર્ટુનના ચરીત્ર પણ નાના બાળકોના આદર્શ બની જાય છે.

આવા આદર્શોને સાંકેતિક આદર્શ કહી શકાય છે. ઘણી વાર માતા-પિતા, શિક્ષક, નાના બાળકોને મહાન હસ્તીઓના ઉદાહરણ પણ આપે છે. આવા આદર્શોને વાસ્તવિક આદર્શ પણ કહી શકાય.

એ ધ્યાન આપવા જેવી વાત છે કે બધા અનુકરણ શિક્ષણ નથી હોતા, જ્યાં સુધી અનુકરણીય વ્યક્તિ બાળકોના માનસ પર પોતાની નિશ્ચિત છાપ નથી છોડતા. જ્યારે તમે કોઈ બાળકને સકારાત્મક અને ઐચ્છિક ક્રિયાનું અનુકરણ કરતાં અવલોકન કરો છો તો આપ કઈ રીતે તે અનુકરણીય વ્યવહારને શિક્ષણ વ્યવહારમાં લાવવા માટે પ્રેરિત કરી શકો છો. સામાન્ય રાતે અનુકરણને પ્રોત્સાહન આપવા માટે ત્રણ માર્ગો હોઈ શકે છે જે નીચે પ્રમાણે છે.સ્પસ્ટ છે કે શાળા જ શિક્ષણ આપતી એક માત્ર જગ્યા નથી અને કોઈ પણ પોતાની ચારે તરફથી આ દુનિયામાં અનુભવોની એક વિસ્તૃત શ્રેણી શીખી શકે છે આપણે સ્વાભાવિક રીતે અનુભવ ગ્રહણ કરવાની પ્રક્રિયાને જાણીએ છીએ તો આપણે વર્ગમાં તે પ્રક્રિયાઓનાં ઉપયોગથી શિક્ષણને વધારે પ્રાકૃતિક અર્થપુર્ણ અને શિખવામાં સરળ બનાવી શકીએ છીએ, આવા કેટલાક નવા અનુભવોને પ્રાપ્ત કરવાની પ્રેક્રિયાઓને સમજીએ જે બાળકો અને અન્યો દ્વારા અનૌપચારિક સહજ રીતે જ ઉપયોગ કરવામાં આવે છે.

- પ્રત્યક્ષ પ્રશંસા કે ઈનામ આપવું કથન દ્વારા જેમકે તે તો એક વિષય તજજ્ઞની જેમ સમસ્યાનુ સાધાન કરે છે. "તે તો લતા મંગેશકરની જેમ ખુબ જ સરસ ગાય છે." થવા "શું ફટકો માર્યો છે આ તો બીલકુલ સચીન તેડુલકરની જેમ રમ્યો" બાળકોના વ્યવહારને પુનરાવર્તિત કરવા માટે પ્રરિત કરે છે.
- સંતોષજનક પરિણામ:- જો અનુકરણથી બાળક સમાજ સ્વિકૃત વ્યવહારને અપનાવે છે અને ઈચ્છિત લક્ષ્યોને પ્રાપ્ત કરે છે. તેમજ ઉદ્દેશને પ્રાપ્ત કરે છે. તો તે તેનું પુનરાવર્તન કરવાનું પસંદ કરે છે. ઉદાહરણ તરીકે જ્યારે કોઈ બાળક પોતાની માને "દુધ" કહેતા સાંભળે છે તોતે તેનું અનુકરણ કરે છે અને તે શબ્દ વારંવાર બોલવાનું પસંદ કરશે. જો તેને ત્યારે પીવા માટે દુધ મળતું હશે.

નોંધ

**પ્રતિનિધિ રૂપ પ્રબલન :-**

ક્યારેક કેટલાક બાળકો કોઈનું કોઈપણ જાતની લાલચ, ઈનામ કે સંતોષજનક પરિણામની અપેક્ષા વિના અનુકરકણ કરે છે. જેની પાછળ તેનો તર્ક હોય છે કે બીજાને આ કરવાથી લાભ પ્રાપ્ત થાય છે તો મને પણ થશે. કોઈ વિશેષ પ્રકારની લીપસ્ટીક કે પહેરવેશને પસંદ કરવા, કોઈ વિશિષ્ટ રાતે વાત કરવી, અલગ ધુન ગાવી વગેરે પ્રતિનિધિરૂપ અનુકરણના ઉદાહરણ છે.

**અનુકરણનો પ્રભાવ :-**

સાચું કહીએ તો અનુકરણ એ આદર્શ વ્યવહારની પૂરી નકલ છે. સમાવિષ્ટ પ્રતિક્રિયાઓનું ગંભીરતાપુર્વક, મુલ્યાંકન કર્યા બાદ એ નક્કી કરી શકાય છે તે અનુકરણીય વ્યવહારની ત્રણ શ્રેણીઓ છે.

(૧) નમુનારૂપ પ્રબાવ (૨) ટેવરૂપ / રચનાત્મક પ્રભાવ (૩) પ્રેરિત પ્રભાવ

- કોઈ આદર્શ વ્યક્તિનું નિરિક્ષણના પરિણામે જે નવો વ્યવહાર ગ્રહણ કરીએ તેને આદર્શીય પ્રભાવ કહી શકાય.
- સામાન્ય રાતે કોઈ સરખા વ્યવહારમાં વ્યસ્ત કોઈ આદર્શને દંડિત થતાં જોઈ તેના આદર્શ સ્વરૂપમાં ભ્રષ્ટ વ્યવહારના સાથે દમનાત્મક પ્રભાવ સંબંધ ધરાવે છે.
- આમનાત્મક પ્રભાવ આનાથી વિપરીત છે. આ ત્યારે બને છે. જ્યારે બાળક પહેલાથી જ કોઈ આદર્શ વ્યક્તિને પથભ્રષ્ટવ્યવહાર કરવા છતાં ઈનામ મેળવતા જુએ છે.
- પ્રેરિત પ્રભાવ કોઈ આદર્શના પ્રેરિત કાર્ય સાથે સંબંધિત હોય છે. નહી કે તેની વ્યવહારીક વિશેષતા પર પ્રેરિત પ્રભાવનું એક ઉદાહરણ સમૂહનો વ્યવહાર છે કોઈ મતની ઘટનામાં, ભીડમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિઓમાં વ્યવહારને જોઈને તાળી વગાડે છે. ક્યારેક ક્યારેક આ આ ભીડમાં ઘણી વ્યક્તિઓ એ નથી જાણતા કે તેઓ આવા વ્યવહારને શા માટે પ્રગટ કરે છે.
- એક શિક્ષક તરીકે આપ વર્ગ ખંડમાં નાના બાળકોને સકારાત્મક તથા સામાજિક વ્યવહારને યોગ્ય બનાવવા માટે પ્રેરિત ઉપયોગ કેવી રીતે કરી શકો છો સારૂ આપ નીચે દર્શાવેલ કાર્ય કરી શકો છો.
- તમારા વિદ્યાર્થીઓ માટે આદર્શ બનાવાનો પ્રયત્ન કરો. આપના સકારાત્ક વ્યવહારનું પ્રદર્શન આપના વિદ્યાર્થીઓ સામે કરો. એક શિક્ષકના સકારાત્મક અભ્યાસ જેમ કે સ્વછતા, નિયમિતતા, સચ્ચાઈ, તેમજ સુંદરતા વગેરે અનુકરણથી શીખવા માટે બાળકો માટે પ્રભાવકારી છે.ક્યારેય પણ પોતાની નબળાઈનું પ્રદર્શન બાળકો સામે કરવું જોઈએ નહી.
- જ્યારે તમે બાળકોને ઈતિહાસ, સામાજિક વિજ્ઞાન, સાહિત્ય શીખવો અને વાર્તાઓ કહો ત્યારે બાળકોને ભણાવો છો ત્યારે હંમેશાં મહત્વપુર્ણ ચારિત્રોને સકારાત્મક પાસાઓને બાળકો દ્વારા અનુકરણ કરવા માટે દિશાનિર્દેશ કરો.
- જ્યારે કોઈ બાળક સકારાત્મક વ્યવહારને રજૂ કરે છે. ત્યારે તેને સમજવાનો પ્રયત્ન કરો તથા બાળકને ફરી તેવું કરવા માટે પ્રોત્સાહિત કરો.

E-૩ આપ આપના બાળકને કોઈ આદર્શના અનૈચ્છિક / વિચલિત વ્યવહારને પ્રેરિત અનુકરણથી બચાવવા માટે કેવી રીતે નિરઉત્સાહિત કરી શકો છો ?

## ૧.૩.૨ અવલોકન

અવલોકન દ્વારા શિક્ષણ એ માનવ શિક્ષણની સામાન્ય અને કુદરતી રીત છે. અવલોકનાત્મક શિક્ષણ (સ્થપનની, શિક્ષણ, સામાજિક શિક્ષણ કે આદર્સ શિક્ષણના નામથી પમ ઓળખાય છે) બીજા દ્વારા કરેલ વ્યવહારને જેમ કે અપનાવી અને તેને અનુસરવાનો આ શિક્ષણ છે. અવલોકનાત્મક શિક્ષણ બાળકો માટે એક મહત્વપુર્ણ શિક્ષણની રીત છે. જ્યારે બાળક મૌલિક પ્રકૃતિ જેમ કે ભાષા અને સાંસ્કૃતિક સિદ્ધાંતને અનુસરે છે. પરંતુ આ અનુકરણથી ભિન્ન છે જેમાં અવલોકન કર્તા આદર્શના વ્યવહાની નકલ કરે છે અને તેનું ફરીથી નિર્માણ કરે છે.આથી અવલોકનના માધ્યમથી શિક્ષણ કોઈ આદર્શના વ્યવહારનું પુર્ણ રૂપથી પુનઃ નિર્માણ કરવું નથી પરંતુ અવલોકન ન કરેલા વ્યવહારને આધારે નવા વ્યવહારનો વિકાસ છે.

Bandura (1997) અનુસાર નીચેની વિશિષ્ટ ચાર પ્રક્રિયા અવલોકનના વ્યવહાર સાથે સંકળાયેલ છે.

- બાન્ડુરા ધ્યાન પ્રક્રિયા : આપણે આદર્શના પૂર્ણ વ્યવહારની નકલ નથી કરતાં પરંતુ માત્ર વ્યવહારની વિશેષ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ જે શીખવા સારૂ લાગે છે. આપણે વ્યવહારના એજ વિશિષ્ટ લક્ષણોને ધ્યાનમાં રાખીએ છીએ જે આપણે શીખવા ઈચ્છીએ છીએ.ઉદાહરણ તરીકે એક બાળક સુલેખન શીખવા માટે શિક્ષકને ધ્યાન પુર્વક જુએ છે.તથા જીણવટ પૂર્વક તેમની પેન્સિલ પકડવાની પદ્ધતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે નહી કે શિક્ષકના કપડાં કે ચાલવાની રીત પર.
- ધારણ પ્રક્રિયા :- માહિતીને મગજમાં એકત્રીત કરવાની યોગ્યતા પણ શિક્ષણ પ્રક્રિયાનો મહત્વપૂર્ણ ભાગ છે. સમૃતિને ઘણા બધા પરિબળો અસર કરી શકે છે. એકત્રિત કરેલ માહિતીને પછીથી ઉપયોગમાં લેવી અને તેના પર અમલ કરવો એ પણ અવલોકન શિક્ષણનો મહત્વપૂર્ણ ભાગ છે. આપણે અવલોકન કરેલ કેટલીક વસ્તુઓને કોઈ ચિહ્નોના ઉપયોગથી પદ્ધતિ દ્વારા, સમજ દ્વારા તથા તેનું સંગઠન કરીને યાદ રાખવાની જરૂરીયાત છે. મોટેભાગે આપણે માટે બે પ્રક્રિયાનો પ્રયોગ કરી એ છીએ.

પહેલા જોયેલી વસ્તુઓનો મગજમાં સંગ્રહ કરવો તથા મનમાં એ ક્રિયાઓની શ્રુંખલા બનાવવી તેનો અભ્યાસ કરવો.ઉદાહરણ. કોઈ ઝાહીર ખાનની જેમ બોલ ફેંકવાની એક્શનની પ્રતિમા ઝાહીરખાનને વ્યક્તિગચ રીતે બોલ ફેંકતા જોઈ કે ટી.વી પર જોયા બાદ કરવી પડે છે અને તેનાં એક્શનની છબી પોતાના મગજમાં બનાવવી પડે છે.

બાન્ડુરા (૧૯૭૭) દર્શાવે છે. એક આદર્શ પાસેથી શીખવાનો સૌથી સારો રસ્તો એ અવલોકન કરેલ વ્યવહારને બોધાત્મક રીતે સંબંધિત તથા અભ્યાસ કરવો અને ત્યાર બાદ તેના પર કાર્ય કરવું.

**પુનઃ નિર્માણની પ્રક્રિયા :-** દશ્યાકૃતિના અભ્યાસ દ્વારા અવલોકન વ્યવહારના સ્મરણ પછી વ્યવહાર શારીરિક કાર્યના રૂપમાં બદલાઈ જાય છે. આના માટે બે વસ્તુઓની આવશ્યક્તા હોય છે. અગર કોઈ સચિન તેંડુલકરની જેમ બનવા માટે તેનામાં શારીરિક યોગ્યતા - ક્ષમતા હોવા મૂળભુત જરૂરીયાત છે. અગર કોઈ શારીરિક રૂપથી અશક્ત છે. તો એ શક્ય નથી કે સચિન તેંડુલકરની જેમ બેટીંગ પ્રેક્ટીસ કરી શકે તેના માટે બેટ સચિનની જેમ બેટને ફેરવવુંએ બહુ મુશ્કેલ કામ છે.

- અવલોકન કરેલ વ્યવહારને ક્રિયાન્વિત કરવાનું બીજુ પાસું તે કાર્યની શુંખલાનો વાસ્તવમાં અભ્યાસ કરવો એછે દષ્યાકૃતિની કલ્પના તથા માનસિક રીતે અભ્યાસ કરવો પણ

અવલોકનકર્તાને તે કાર્યના પ્રદર્શનનું સ્વભાવિક બનાવવામાં સહયોગી નહી હોય. પ્રભાવશાળી પ્રદર્શન માટે સતત અભ્યાસ તથા અભ્યાસ પર લગાતારની પ્રતિપૃછી સાથે પ્રત્યેક અભ્યાસ પછી ભૂલોમાં સુધારો કરવો જરૂરી છે.

- પ્રેરક ક્રિયા :- આપે ઘણા બાળકોને જોયા હશે કે બીજા બાળકોને ખૂબ જ સારી રીતે શીખી લી છે. અને શીખ્યા બાદ બધા પદોને બોલી પણ શકે છે. તેમજ આ કાર્યને સારી રીતે કરી પણ શકે છે. પરંતુ જ્યારે આવશ્યકતા હોય છે અથવા તો કોઈ વખત કોઈ તેને તે કાર્ય કરવા જણાવે છે. ત્યારે તે કાર્ય કરી શકતા નથી. આવી પરિસ્થિતિમાં સ્વપ્રેરણાનો અભાવ હોય છે. બાળકોને પ્રોત્સાહિત કરવાની જરૂરીયાત હોય છે. ખાસ કરીને કોઈ કાર્ય કરવા માટે સ્વ પ્રેરણાની જરુરીયાત હોય છે.

ટુંકમાં કહી શકાય કે અવલોકનાત્મક શિક્ષણ કોઈ નમુનારૂપ ઘટનાઓના અવલોકનથી શરૂ થાય છે. તથા અવલોકનકર્તાના આદર્શનું પ્રદર્શનની સમાનતા સુધી પહોંચવા માટે નીચેની ચાર પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.

i. અવલોકનકર્તાએ ધ્યાન આપવું જોઈએ.

ii. અવલોકનકર્તા એ વર્તનનું બોધાત્મક રીતે અભ્યાસ તથા સંગ્રહ કરેલ વિચારો દ્વારા અવલોકન કરેલ વ્યવહારનું પ્રસ્તુતીકરણ કરવું જોઈએ.

iii. અવલોકનકર્તાએ અવલોકન કરેલ વ્યવહારનું શુધ્ધિકરણ અને પુનઃનિર્માણ કરવું જોઈએ અગર એને યોગ્યતાની આવશ્યકતા હોય તો

iv. અવલોકનકરતાએ પ્રરક પરિસ્થિતિ વચ્ચે શીખેલ વ્યવહારનું પ્રદર્શન કરવું જોઈએ.

E-4 અવલોકનાત્મક શિક્ષણમાટે પોતાના વિદ્યાર્થીઓની સહાયમાં શિક્ષકની ભૂમિકાની વ્યાખ્યા આપો.

E-5 અવલોકનાત્મક અભિગમ પ્રદર્શન માટે પોતાના વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા માટે કોઈ પણ બે રીતોની વ્યાખ્યા કરો.

## ૧.૩.૩ પ્રયત્ન અને ભુલ

ચાલો અવલોકન કરીએ :- એક બાળક સાયકલ ચલાવવાનું શીખી રહ્યો છે.સાયકલ ચલાવવામાં પૂર્ણતા પ્રાપ્ત કરવાના હેતુને એક જ પ્રયાસ દ્વારા પ્રાપ્ત કરવો મુશ્કેલ છે. બાળક આ કૌશલ્યમાં નિપુણતા મેળવવા માટે અનેક પ્રયાસ કરે છે. શરૂઆતમાં તે ભૂલો કરે છે. ધીરે ધીરે ભૂલો ઓછી થવા લાગે છે. બાળક ચોક્કસ કાર્ય કે સમસ્યામાં અનેક પ્રયાસ કરે છે અને છેલ્લે પોતે કરેલા પ્રયત્નોના બદલાવમાં ઈનામ મેળવે છે.

જ્યારે કોઈ વ્યક્તિ કોઈ મુશ્કેલ સમસ્યાનો સામનો કરે છે જેનાં તેની પાસે કોઈ ત્વરીત ઉકેલ નથી ત્યારે અનેક પ્રકારના ઉકેલમાં વ્યસ્ત થશે. જ્યાં સુધી કોઈ સંતોષકારક ઉકેલ નથી મળતો, બીજા શબ્દોમાં આ પ્રયત્ન તથા ભુલ દ્વારા સમસ્યાને હલ કરે છે.

પ્રયત્ન અને શિક્ષણનો સિધ્ધાંત અમેરીકન વૈજ્ઞાનિક E.L.Thorndibe દ્વારા ૧૯૧૩ સમય દરમ્યાન વિભિન્ન પ્રાણીઓ, મુખ્યતો બિલાડી પર કરેલા અનેક પ્રયોગ બાદ વિકસિત કરેલ હતો. તેમના ઘણા બધા પ્રયત્નોમાંથી મુખ્ય એક ભુખી બિલીડીને પીંજરામાં મુકી, બહાર લટકતી માછલી સાથે સંબંધીત છે. બિલાડીને એક બટન દબાવીને પીંજરાની બહાર આવવાનું છે અને માછલીને



નોંધ

ખાવાનું છે. શરૂાતની અવસ્થામાં બિલાડીને બટન દબાવવાનો નકામો પ્રયત્ન કર્યો પરંતુ ધીમે ધીમે તેના નકામાં પ્રયાસો ઓછા થવા લાગ્યા તેતો સીધા જ બટન દબાવ્યુ અને બહાર આવી ગઈ આ પ્રયોગથી થાર્ન ડાઈક નીચેના ત્રણ નિયમોનો વિકાસ કર્યો.

- મહાવરાનો નિમમ :- કોઈ એક કાર્યને વારંવાર કરવાથી તે કાર્ય લાંબા સમય માટે યાદ રહી જાય છે. આમા મુખ્ય બે નિયમ છે. -ઉપયોગ અને અનુપયોગનો નિયમ. પહેલો નિયમ ઉદ્દિપનના અભિસંધાનની ક્ષમતા સાથે સંબંધિત છે. તથા પ્રતિક્રિયા (વર્તન) તે વારંવાર કરવા સાથે સંબંધિત હોય છે. બીજો પહેલાથી વિરુદ્ધ છે એટલે કે નબળા અભિસંધાન સાથે સંબંધિત છે જે પૂનરાવર્તિત થતું નથી.
- અસરનો નિયમ :- વિભિન્ન પ્રક્રિયાઓમાંથી એવી પ્રતિક્રિયા છે જેને કરવાથી આનંદ તથા સુખની અનુભુતી થાય છે. તે જલ્દીથી શીખી જવાય છે. અને એવી પ્રતિક્રિયા જેમાં દુખઃ પ્રાપ્ત થાય છે તે જલ્દી ભુલી જવાય છે. બીજા શબ્દોમાં જે વ્યવહારનું પરિણામ સુખદાયી હોય છે. તેને અપનાવી લેવામાં આવે છે. એવી સ્થિતિ એવા વ્યવહાર કે વર્તન જેને પુરસ્કાર કે ઈનામ પ્રાપ્ત થયેલ છે તેને દ્રઢ કરવામાં વિધાયક ભુમિકા ભજવે છે જ્યારે સજા કે તિરસ્કારનો બદલો મળેલ વર્તનમાં વિવિધ પ્રભાવ પાડે છે.
- તત્પરતાનો નિયમ :- પ્રભાવશાળી શિક્ષણ ત્યારે જ હોય છે જ્યારે વિદ્યાર્થી શિક્ષણ માટે તૈયાર હોય છે આ નિયમ સ્પષ્ટ હોય છે.તે બાળક જે કોઈ વિશિષ્ટ પ્રકારના શિક્ષણ માટે તૈયાર છે. તે શિક્ષણ અનુભવોથી તરત જ લાભ ઉઠાવશે અને બીજા જે શીખવા માટે તૈયાર નથી તે એટલો લાભ લઈ શકે આ એકમની શરૂાતમાં આપણે અભિગમની તત્પરતાના મહત્વ વિશે ચર્ચા કરી ચુક્યા છીએ.

થોર્ન ડાઈક શિક્ષણના આ ત્રણ નિયમોને વર્ગખંડના શિક્ષણમાં ખૂબ જ પ્રભાવ પાડ્યો છે. જોકે અનેક સંશોધકોએ પોતાના પ્રયોગમાં આ ઉપયોગ વિશે ઘણી ખામીઓ જોઈ છે.

E-6 પ્રયત્ન તથા ભુલના સિધ્ધાંતને અનુરૂપ એક ઉદાહરણ આપો જેનો આપે એક શિક્ષક તરીકે અનુભવ કર્યો હોય.

## ૧.૩.૪ સહભાગિતા :-

સહભાગિતાથી શીખવું અર્થપુર્ણ શિક્ષણ માટે એક પ્રભાવશાળી વિધિ છે. જાતે કામ કરવાથી વાસ્તવિક જીવનની સમસ્યાઓનો ઉકેલ મેળવવાથી વાસ્તવિક અનુભવ પ્રાપ્ત થાય છે એમા કોઈ શક નથી તે આ રીતે સ્વઅધિગમ તથા સ્વ મલ્યાંકનને બળ આપે છે. જે શિક્ષણ પ્રક્રિયાનું છેલ્લુ લક્ષણ હોય છે. પરંતુ કક્ષાની સ્થિતિમાં હંમેશા વ્યક્તિગતરૂપે કાર્ય કરવામાં નથી આવતું એટલા માટે બાળકોને નાના સમૂહમાં હળીમળીને કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરવા શિક્ષણ માટે હંમેશા લાભકારક હોય છે. સંશોધન પરિણામમાં પણ દર્શાવવું છે કે નાના જૂથમાં પ્રવૃતિ સક્રિય સહભાગીમાં લીધેલ બાળકો વધુ સારું પરિણામ આપે છે કક્ષાની સ્થિતિમાં સમૂહ પ્રવૃતિની વધુ વ્યવસ્થાનો પ્રબંધ કરવાથી બાળકો પ્રત્યે વધુ સહભાગીની અપેક્ષા રાખી શકાય છે.

શિક્ષણને વધારવાથી સહભાગીતાના શુલાભ છે ? ચાલો ચર્ચા કરીએ.

- પુર્વાપર સંબંધિત સ્થિતિમાં સક્રિય અને અર્થપૂર્ણ શિક્ષણ
- પરસ્પર અનુભવની આપ-લે કરવી

- કોઈ કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરવા તેની સાથે સંકળાયેલા સંસાધનને આકર્ષિત કરવા.
- સંશોધન કરવું. તર્ક - વિતર્ક કરવું તથા સમસ્યાને હલ કરવા રસ્તો શોધવો.
- સામાજીક ગુણોને વિકાસ કરવો જેમ કે મદદ કરવી, પરાનીભુતિનો અનુભવ કરવો,પ્રશ્નો પુછવા, અનુભવ કરવો, જવાબદીરીઓ સ્વિકાર કરવો.

વ્યક્તિગત ગુણોનો વિકાસ કરશો ?

આત્મવિશ્વાસ, પ્રશ્નો પુછવાની હીંમત કરવી, સમુહમાં સહભાગી થવું વગેરે પ્રકારના કાર્ય અભિગમ રૂપ સકારાત્મક સમુહ કાર્યમાં સહભાગી થવું શિક્ષણ પર હકારાત્મક અસર કરે છે. પ્રભાવ પાડે છે. વાસ્તવિક રૂપે જોવા મળ્યુ છે કે બધા સમૂહ કાર્યોમાં બધા વિદ્યાર્થીઓ સમાનરૂપથી સહભાગી થતા નથી. આપ વર્ગખંડમાં બાળકોના સહભાગી ક્ષમતા વધારવી માટે શું કરી શકો છો ?

આપ નીચેના મુદ્દા પર વિચાર કરી શકો છો-

આદર્શરીતે ભાગીદારોનો અર્થ એ નથી કે દરેક વિદ્યાર્થી એક સરખી બરાબરી કરી ભાગ લે પરંતું આપે એક એવું વાતાવરણ બનાવવું છે જેનાથી બધાને શીખવાની સમાન તક મળી રહે અને જેનાથી વર્ગ હળીમળીને ઘટનાને તથા સમસ્યાઓને ઉંડાણપૂર્વક સમજી તથા અલગ દ્રષ્ટિકોણથી શીખે.

વર્ગમાં હંમેશા અલગ અલગ પ્રકારના વિદ્યાર્થીઓ હોય છે. જેમ કે ઘણા વિદ્યાર્થીઓ વર્ગમાં બોલતા નથી તે નિયંત્રિત પ્રકારના બાળકો હોય છે. જે વિચારોને મુશ્કેલીથી પ્રગટ કરે છે. બોલતા પહેલા તેમના મનમાં પ્રશ્નો હોય છે. બીજા શરમાળ બાળકો હોય છે. જે બધાની વચ્ચે બોલતાં ગભરાય છે. ઘણા બધા બાળકો સ્વયંસેવી હોય છે જે સક્રિય હોય છે તેઓ જે પણ બોલે છે તેના વિશે પહેલા ગંભીરતાથી વિચારે છે. તેથી એવી પરિસ્થિતિઓનું સર્જન કરવું જરૂરી છે કે જે બાળકોના વિભિન્ન શિક્ષણ તથા વ્યક્તિત્વમાં સમાવેશ થવા યોગ્ય બનાવે છે એની માટે તમારે વધારે પ્રયત્નો કરવાની વધારે જરૂરીયાત છે. જેના કારણે શાંતિપ્રિય બાળકો મનની વાત કહે અને ઘણીવાર વધારે બોલવાવાળા બાળકોને ચૂપ રહેવાનું કહો જેના લીધે ઓછા બોલવાવાળા બાળકોને પણ બોલવાની તક મળી રહે.

વિદ્યાર્થીઓને સામૂહિક ચર્ચા માટે તાલિમ અને સહાય આપવાની પણ આવશયકતા છે. જેના માટે આપને જરૂર છે.

- જે રીતે તે બાળક એક બીજા સાથે આદાન - પ્રદાન કરે છે તેમના માટે આદર્શ રસ્તો બતાવવો.
- બાળકોને પોતાની ભાષામાં વાતચીત કરવા તથા તેને પ્રભાવિત કરવા કેટલાક નિયમો નક્કી કરવા
- હળીમળીને કાર્ય કરવાની પદ્ધતિ અપનાવવી જેમાં બાળકો સક્રિય રીતે ભાગ લે.
- બાળકોની સહભાગિતાને વધારવા માટે આ પ્રકારની સામુહિક ક્રિયા હળીમળીને કરવી જરૂરી છે.
- પ્રશ્નો પુછવા.
- સમવયસ્ક મિત્રોની સક્રિય અને સાતત્યપુર્ણ મદદ લેવી.
- વિસ્તૃત રૂપથી સહાય પ્રદાન કરવી.
- એ તપાસ કરવી કે સહાયતા પ્રાપ્ત કરવા વાળા આપવામાં આવેલ સહાયત ને સમજી શકે

E-7 એ સક્રિય વિદ્યાર્થીનો મૂળભૂત ગુણોની વ્યાખ્યા આપો.

## ૧.૩.૫ શોધ / પૂછપરછ દ્વારા શિક્ષણ

શોધ શિક્ષણ એક પૂછપરછ આધારિત સુચના પદ્ધતિ છે. Jerome Bruner (1960) ને શોધ શિક્ષણના જન્મદાતા માનવામાં આવે છે તેમનું માનવું હતુ કે પોતાના માટેના શોધના અભ્યાસની માહિતી એવી રીતે પ્રાપ્ત કરવાનું શીખવે છે જેથી સાચી રીતે સમસ્યાના સમાધાનની પરિસ્થિતિમાં હોય છે. જ્યાં વિદ્યાર્થી પોતાના અનુભવો તથા પૂર્વજ્ઞાનને આધાર બનાવે છે. આ એ અનુદેશીક વિધિ છે. જેમાં વિદ્યાર્થી પોતાના જ વાતાવરણ સાથે આપ-લે કરતાં અને વાતાવરણની વસ્તુઓને તાલ - મેલ કરતાં તેમજ ભિન્ન - ભિન્ન પ્રયોગોથી શીખે છે. આ વિધિમાં વિદ્યાર્થી સક્રિય રૂપથી નિયમ, સિદ્ધાંત વિચારે છે તથા સુઝ બુઝનો પ્રયોગ કરતાં પોતાના વિચારોના વિકાસ કરતાં પ્રાપ્ત થતા આંકડામાં સંબંધ શોધતા આયોજન કરે છે.

આ પધ્ધતિ નીચેના સિધ્ધાંતો પર આધારિત છે.

- પ્રવૃતિનો સિધ્ધાંત.
- તાર્કિક વિચારણાનો સિધ્ધાંત
- જ્ઞાનથી અજ્ઞાન તરફ જવાનો સિધ્ધાંત
- ઉદ્દેશ પૂર્ણ અનુભવોનો સિધ્ધાંત
- વિકલ્પોની શોધનો સિધ્ધાંત

પુછપરછ દ્વારા શિક્ષણમાં શિક્ષક સમસ્યાઓનું નિર્માણ કરે છે. સમાધાનમાં સહાયતા કરે છે. તથા બાળકો માટે એક જુથ થઈને હળીમળીને સમસ્યાનું સમાધાન કરવાની પ્રક્રિયાને સંભવ બનાવે છે. ઉદાહરણ તરીકે આખા વર્ગખંડમાં પુછપરછ દ્વારા પરિસ્થિતિમાં એક વિદ્યાર્થી વૈજ્ઞાનિક પરિસ્થિતિમાં ભૂમિકા નિભાવતા શાળાના બગીચામાં ફૂલોની ગુણવત્તા તથા આકારને વૈજ્ઞાનિક રીતે નિહાળે છે. તે સ્થાનિક વૈજ્ઞાનિક પાસે ફૂલોના ગુણો તથા પાક વધારવાના વૈજ્ઞાનિક નિયમો શીખવા માટે જાય છે. કોઈ વિદ્યાર્થી વિભિન્ન સ્રોતોથી વધતા ફૂલોની માળી પત્રિકાઓ એકત્રીત કરે છે તે કીર્બનીક અને અકાર્બનીક ખાતરો વિશે માહિતી એકત્રીત કરે છે તથા જરૂરીયાત અનુસાર ખાતર મેળવે છે. ત્યારે તેઓ કાર્બનીક તથા અકાર્બનીક ખાતરોના વિભિન્ન યોગ્ય પ્રમાણને વિચારતા અમુક કાર્બનીક ખાતરો છોડમાં નાંખે છે અને તે ખાતરથી મોટા આકારના ફૂલોનું નિર્માણ કરે છે જેનાં તે ફૂલોના અન્ય છોડો પર પણ પ્રયોગ કરે છે અને તેનું સકારાત્મક પરિમામ પ્રાપ્ત કરે છે.

આ ઉદાહરણમાં શોધપૂર્ણ શિક્ષણ એક સામુહિક પ્રયાસ હતો શોધપૂર્ણ અનુભવ વ્યક્તિગત પણ હોઈ શકે છે.

તમે શોધપૂર્ણ શિક્ષણ માટે કેવી રીતે પ્રોત્સાહિત કરી શકો ?

- તમારે તમારા બાળકોને તેમના કર્તવ્યની જાણકારી આપવી જોઈએ નહી, હંમેસા તેમની સામે સમસ્યા રાખવી અથવા ક્યારેક કોઈ જગ્યાએ કોઈ ચર્ચાનો વિષય હોય તો તેની સમસ્યાને ઓળખવા માટે પ્રોત્સાહિત કરવા. જ્યારે તમે તેને તેમને સમસ્યા કહી દો છો ત્યારે તમે હલ કરવાની પદ્ધતિ પણ જણાવો છો. એના કરતાં તમે તેને કોઈ સમસ્યાને જાતે ઓળખવામાં તથા તેને હલ કરવાના ઉત્સાહથી વંચિત રાખો અને એક વિદ્યારથીના રૂપમાં તેમની ક્ષમતાને વધારવામાં અવરોધ ઉભો કરે છે.
- તમારા શિક્ષણનો મૂખ્ય હેતુ બાળકોને એ પધ્ધતિમાં વ્યસ્ત કરીને પૂછતાછ કરવાનો છે. જેમાં

નોંધ

વ્યાખ્યાયિત કરવા પ્રશ્નો પૂછવા, અવલોકન કરવું, વર્ગીકરણ કરવું, સામાન્યીકરણ કરવું, તપાસ કરવી, તથા તેને લાગુ કરવું વગેરેની પ્રક્રિયાનો વિકાસ હોય.

- તમારો પાઠ બાળકોની પ્રતિક્રિયા પ્રમાણે વિકસીત હોવો જોઈએ, નહી કે પહેલાથી નિર્ધારિત એક તથાકથીત તર્કપૂર્ણ સંરચાના હોય. આપના પાઠ યોજના જો પાઠ્યવસ્તુ બાળકોની પ્રતિક્રિયા પર આધારિત હોવી જોઈએ, તેથી તેઓના ખોટા જવાબો તથા અનઉપયોગી જવાબોથી પરેશાન થવું જોઈએ નહી.
- બાળકો સાથે પરસ્પર ક્રિયાનો મુખ્ય ઉદ્દેશ પ્રશ્ન પૂછવાનો હોવો જોઈએ પ્રશ્ન બંને પ્રકારના અભિસારી (એક નિશ્ચિત જવાબ) અથવા અપસારી (અનેક સાચા જવાબો) પ્રકારના હોવા જોઈએ.
- આપે બાળકોને અનેક પ્રકારના જવાબો આપવા માટે ઉત્સાહિત કરવા જોઈએ અને તેઓને ક્યારેય પણ એક જવાબ માટે નહીં પરંતુ અનેક જવાબ આપવા માટે કહેવું, એક કારણ નહી પરંતુ અનેક કારણ આપવા કહો અક અર્થ આપવા માટે નહી પરંતુ અનેક અર્થ આપવા માટે કહો. જ્યારે બાળક પાસેથી તમે માત્ર એક જ જવાબની માંગ કરો છો. ત્યારે બાળક સંભાવનાઓની શોધ કરવાનું બંધ કરે છે અને તેમનું મગજ આગળ વિચારવાનું બંધ કરી દે છે.
- તમારે વિદ્યાર્થી શિક્ષકના પરસ્પર આંતરક્રિયાની અપેક્ષા કરતાં વિદ્યાર્થા-વિદ્યાર્થી વચ્ચેની પરસ્પરની આંતરનિયમને પ્રોત્સાહન આપવું જોઈએ એક પરંપરાગત વર્ગની પરસ્પરની ક્રિયામાં બાળકો છેલ્લે જવાબ માટે શિક્ષકની રાહ જોવે છે. જ્યારે તેમને શિક્ષકો તરફથી જવાબ મળી જાય ત્યારે બાળકો આગળની સંભવિત શોધ કરવાનું બંધ કરી દે છે. જેના કારણે તેના મગજનો વિકાસ અવરોધાય છે.

તમારે તમારા પાઠની સફળતાનું માપ બાળકોમાં પુછપરછ દ્વારા શિક્ષણથી બદલાતા વયવહારથી કરવું જોઈએ. જેમ કે તેમને વારંવાર પ્રશ્નો પુછવાથી ઉપયુક્ત પ્રશ્ન પૂછવામાં વધારો બીજા વિદ્યાર્થીઓ અધ્યાપકોના પાઠ્યપુસ્તકની પડકારયુક્ત યુક્તિઓ, તેમની સ્પષટતા, પોતાની સ્થિતિને બદલવામાં કે સુધારવામાં ઉપલબ્ધ આંકડા અનુસાર ઈચ્છા, વિભિન્ન ઉત્તરોને સાચો કરવાની હિંમતનો વધારો તથા તેમનું અવલોકન, વર્ગીકરણ તથી સામાન્યીકરણ વગેરેમાં કૌશલ્ય તથા નવી અવસ્થાઓમાં સૂચન તથા પોતાની યોગ્યાતા તેમજ વિચારોનો પ્રયોગ કરતા નવી પદ્ધતિથી સામાન્યીકરણ કરવું.

- પાઠનું સમાપન ક્યારેય પણ વિદ્યાર્થીઓના ઉત્તરોને સાપેક્ષ કરતાં કરવું જોઈએ નહી. કોઈ પણ પ્રકારનું નિષ્કર્મ આગળ જતાં આવનાર વિચારોનો માટે જોખમી સાબિત થઈ શકે છે. અથવા પાઠને ખુલ્લોજ મૂકી દેવો જોઈએ આપ એમ પણ કહી શકો છો કે હાલ આપણે એ પરિસ્થિતિમાં આગળ કોઈ રસ્તો છે જેને તમે આગળના વર્ગમાં શોધવા પ્રયત્ન કરશો.
- અગર આપના વિદ્યાર્થીઓને શોધપૂર્ણ માસ્તિષ્કનો વિકાસ કરવા ઈચ્છો છો તો તે પૂરી રીતે તમારા પર નિર્ભર છે. અગર આપ તેને અપનાવવા ઈચ્છો છો તો તમારે તેને પૂર્ણરૂપથી પોતાના વ્યવહાર અને વિશ્વાર દ્વારા દર્શાવવું જોઈએ. તમારે જાતે પોતાના વિદ્યાર્થીઓ સાથે કાર્ય કરવા માટે વિદ્યાર્થી બનવું જોઈએ.

E-8 શોધ શિક્ષણનાં સિધ્ધાંતો કયાં છે ?

## ૧.૩.૬ સમસ્યાનું ઉકેલ

ચાલો એક પરિસ્થિતિ પર વિચાર કરીએ.

પરિસ્થિતિ - ૫

ગણીતના શિક્ષક મીસ ગીતાએ વર્ગની શરૂઆતમાં એક ત્રિકોણનાં ખ્યાલને ભણાવ્યોને તેમણે બાળકોને વિભિન્ન પ્રકારનાં ત્રિકોણ વિશે પુછ્યુ. બાળકો આ સવાલનો જવાબ આપવા માટે સક્ષમ ન હોતા તેમજ તેમની સામે એક સમસ્યા ઉભી થઈ તેઓ આ કાર્યને ઘરે લઈ ગયા તેઓએ સમસ્યા વિશે વિચાર્યુ અને ભુજાઓ અને ખુણાઓના વિચાર કરતાં વિભિન્ન પ્રકારના ત્રિભુજ બનાવ્યા તેઓએ નીચે પ્રમાણેની પરિકલ્પનાઓનું નિર્માણ કર્યું.

- ભૂજાઓ અસમાન છે.
- બે ભૂજાઓ સમાન છે.
- ત્રણ ભૂજાઓ સમાન છે.એક કોણ ૯૦ છે તથા તેને અન્ય બે કોણો ૯૦ છે.
- એક કોણ ૯૦ થી મોટુ છે તથા અન્ય બે કોણોનો યોગ ૯૦ થી ઓછા છે.
- દરેક કોણ ૬૦ નો છે.

દરેક પરિક્લપના અનુસાર બાળકોએ ત્રિકોણને વિભિન્ન નામ આપ્યા ત્યારે બાળકો સમસ્યાનુમ સમાધાન કરવા સક્ષમ બન્યા.

ઉપરની પરિસ્થિતિથી એ કહી શકાય તે સમસ્યાનો પડકાર બાળકોને પૂર્વજ્ઞાનના ઉપયોગ કરતાં ઉકેલ પ્રાપ્ત કરાવે છે. સમસ્યા સ્પષ્ટ ભાષામાં બાળકોની સામે મૂકવી જોઈએ તથા બાળકોની સમજ અને અનુભવ પ્રમાણે હોવી જોઈએ બાળકો શિક્ષકની મદદથી સમસ્યાનું વિશ્લેષણ અને સંશ્લેષણ કરે છે અને સમાધાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. આપણે કહી શકીએ કે સમસ્યા ઉકેલમાં નીચેના લક્ષણોનો સમાવેશ થાય છે.

- લક્ષ્યને પ્રાપ્ત કરવા.
- લક્ષ્યની પ્રાપ્તિના માર્ગમા આવનારી મુશ્કેલીઓ.
- સભાનતા, આયોજન અને હેતુપુર્ણતાના હુમલા દ્વારા મુશ્કેલીઓને પડકારવી.

**સમસ્યાના ઉકેલ માટેના સોપાનો નીચે મુજબ છે.**

- સમસ્યાને ઓળખવી અને પરિભાષિત કરવી :-

સમસ્યાની મુશ્કેલી, જરૂરિયાત, વર્તમાન વિદ્યાર્થીઓની પ્રવૃતિઓ. વાતાવરણની પ્રવૃતિઓમાંથી ઉદ્‌ભવે છે. બાળકો સમસ્યાને ઓળખવા યોગ્ય તથા સ્પષ્ટ રૂપથી પરિભાષિત કરવા યોગ્ય હોવા જોઈએ.

- સમસ્યાનું વિશ્લેષણ કરવું :- સમસ્યાનું યોગ્ય રીતે વિશ્લેષણ કરવું જોઈએ.
- વિવિધ અવધારણાઓ વચ્ચેના સંબંધોની સ્પષ્ય વ્યાખ્ય હોવી જોઈએ.
- પરિકલ્પનાઓનું નિર્માણ કરવું. સમસ્યાનું સ્વરૂપ પ્રમાણે સંભંવિત ઉકેલોનું નિર્માણ.
- પરિકલ્પનાની તપાસ કરવી :- સમસ્યાનું ઉકેલ મેળવવા માટે દરેક પરિકલ્પનાની તપાસ કરવી જોઈએ.
- પરિણામની ચકાસણી કરવી :- પરિકલ્પનાની વિશ્વનિયતાની તપાસ કરવા માટે વારંવાર

સમસ્યાના ઉકેલની ચકાસણી કરવી પડે છે.

બાળકો દ્વારા સમસ્યાને રજૂ કરવા તથા સમસ્યાનો ઉકેલ મેળવવા શિક્ષકની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે. શિક્ષકની ભૂમિકા નીચે પ્રમાણે છે.

- સમસ્યાની પરિસ્થિતિનું નિર્માણ કરવું
- વર્ગખંડમાં ભયમુક્ત વાતાવરણનું નિર્માણ કરવું.
- સમસ્યાઓને સમજવામાં, પરિભાષિત કરવામાં અને વર્ણન કરવામાં બાળકોની મદદ કરવી.
- સમસ્યાનું વિશ્લેષણ કરવામાં બાળકોની મદદ કરવી.
- પરિકલ્પનાઓનું નિર્માણ તથા ચકાસણી કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.
- બાળકોમાં જટીલ વિચારણાનો વિકાસ, મુક્ત માનસિક સ્થિતિ, પુછપરછ કરવાનું સાહસ તથા શોધના વિકાસમાં તેમની મદદ કરવી.

E-9 સમસ્યા ઉકેલનાં સોપાનો વર્ણવો.

## ૧.૩.૭ અર્થના નિર્માણ તરાકે શીખવું.

નીચેની પરિસ્થિતિને વાંચો

પરિસ્થિતિ :૬

અંગ્રેજી વિષયની શિક્ષિકા મીસ સુષ્મિતા વર્ગ - ૬ માં પોતાના બાળકોને "વર્ષાઋતુ" વિષય પર નિબંધ લખવામાં મદદ કરી રહ્યા છે. શરૂઆતમાં તેમણે બાળકોની પ્રતિક્રિયા જાણવા માટે એક સાધારણ પ્રશ્ન બાળકોને પુછ્યો તમારા મગજમાં શું વિચારો આવશે જ્યારે હું તમને કહું કે વરસાદ થઈ રહ્યો છે તો વર્ગમાં દરેક બાળક જવાબ આપવા માટે તત્પર હતાં જેમાંથી કેટલાક ઉત્તરો આ પ્રકારના છે -

"મને વરસાદમાં નાચવું ગમે છે."

"વરસાદમાં દરેક જગ્યાએ ખરાબ અને કીચડ થઈ જાય છે."

"વરસાદ અને હોનારત પુર લઈને આવે છે."

"વરસાદમાં ચારે બાજું હરીયાળી થઈ જાય છે."

"જ્યારે વરસાદના છાંટા ઘરની છત પર પડે છે, તેમાં મને સંગીત સંભળાય છે અને હું તેની સાથે ગાવાનું શરૂ કરુ છું "

"વરસાદમાં મચ્છર, માખી, કીડા - મંકોડા તથા અનેક બિમારીઓ ચારે તરફ ફેલાય છે હું તો એ જ પ્રાર્થના કરુ છું કે વરસાદ ન પડે"

"પરસેવાવાળી ભારે ગરમીની ઋતુ પછી વરસાદ કેટલો સુખદ અને આરામદાયક હોય છે."

"પોતાની ઘરની ગલીમાં ઘણી બધી રંગીન છતોને જોવી મને ખૂબ જ ગમે છે."

"વરસાદમાં વિભિન્ન પ્રકારના રંગીન ફૂલોને જોવા નાનાં નાનાં દેડકાઓને જોવા, કાગળોની હોડીઓ બનાવવી આ બધુ કરવામાં મને ખૂબ જ આનંદ આવે છે"

"શરદીની સાથે નાક, ગળું, તાવ, માથું દુઃખવું વગેરે બિમારી વરસાદ લઈને આવે છે"

"વાદળો વાળા આકાશમાં જ્યારે સૂર્ય નથી દેખાતો તે વાત મને બહુ ઉદાસ કરે છે"

નોંધ

આ ક્યારેય પૂરી ન થી શકે તેવી યાદી છે. શું આ બધા જવાબોમાં કોઈ ખોટુ કે બિનઉપયોગી પ્રતિક્રિયાઓ જોવા મળી ? વરસાદ વિશેની દરેક બાળકની પોતાની વ્યક્તિગત ધારણા છે. તમે વરસાદનો અર્થ કાઢવાનો પ્રયત્ન કરો છો તો ચોક્કસ અસફળતા મળશે. આપ કોઈ પણ વસ્તુનો અર્થ પૂછશો તો અલગ - અલગ હશે. કોઈ વસ્તુ કે ધારણાને આટલાં વિભિન્ન જવાબો હોવાના ક્યાં કારણો છે ?

હા આ બધા પ્રત્યક્ષીકરણ છે. જે અલગ - અલગ વ્યક્તિઓના અલગ - અલગ હોય છે. પ્રત્યક્ષીકરણ કોઈ વ્યક્તિના કાર્યને સારી રીતે સમજાવી શકાય છે. જ્યારે વરસાદ થઈ રહ્યા છે તો અમુક વ્યક્તિ વરસાદથી બચવા માટે છતની તરફ દોડે છે. જ્યારે કોઈ વરસતા વરસાદમાં પલળવાની મજા લે છે. વરસાદ અંગે કોઈ અસંમતિ નથી. પરંતુ તેના કાર્યો પ્રત્યક્ષીકરણ વચ્ચેના અંતરને અસર કરે છે. તથા અનુરૂપ ઘટનાનો અર્થ કાઢે છે. અલગ-અલગ વ્યક્તિ એક જ સ્થિતિમાંથી અલગ-અલગ વાતોને ગ્રહણ કરે છે આપણે શું ગ્રહણ કરીએ છીએ તે આપણા પહેલા અનુભવો, આપણા વિચાર તથા આપણી જરૂરિયાત અનુસાર ઉદ્દેસો પર નિર્ભર કરે છે. આપણે એ સમય સુધી આપણા પ્રત્યક્ષીકરણમાં બદલાવ નથી કરતા જ્યારે આપણે એના પર આધારીત કોઈ આપણા કોઈ આપમા અવસરોમાં ઉત્સાહિત નથી થઈ જતાં અગર આપણે કોઈ વસ્તુમાં પ્રક્રિયા વિશે આપણા પોતાના દ્વારા બનાવવામાં આવેલ પ્રત્યક્ષીકરણ દ્વારા આપણા ઉદ્દેશોની પ્રાપ્તી થઈ રહી છે. તો આપણે તેને નથી બદલતા કોઈ તેને ખોટું કરે તેમ છતાં માત્ર આપણા પોતાના દ્વારા બનાવવામાં અવબોધન નવી વસ્તુઓ સમજવામાં કે બધી સમસ્યાઓના સમાધાન કરવામાં આપણી મદદ નથી કરતાં. ત્યારે આપણે વૈકલ્પિત અર્થની શોધ કરીએ છીએ. જે આપણા ઉદ્દેશને પ્રાપ્ત કરવાનું કાર્ય કરે છે. શીખવાની યોગ્યતા, અનયુક્ત અવબોધનને બદલવા કે અસ્વીકીર કરવાની યોગ્યાતા પર તથા નવા કાર્યોના અર્થોના વિકાસથી સંબંધિત છે. ટુંકમાં શિક્ષણનો અર્થ કાર્યચ્છિત વૈક્લપિક અર્થોને મુકીને જૂના અર્થોને બદલવાનો છે. જ્યારે શિક્ષણનો અર્થ નિર્માણ કરવા લાગે છે ત્યારે બાળકો અર્થના નિર્માણ કર્તા બની જાય છે. આ સંદર્ભમાં શિક્ષણ પ્રક્રિયા વિદ્યાર્થી કેન્દ્રિત હોય છે . તથા પૂર્ણ રૂપથી વિદ્યાર્થી પર જ નિર્ભર કરે છે.

પરમપરાગત શિક્ષક કેન્દ્રિત પાઠ્યક્રમ આધારિત શિક્ષણમાંથી વર્ગના બાળ કોને એક સમાન યોગ્યતા સ્તરવાળા માનવામાં આવે છે તથા વસ્તુઓ તથા ઘટનાઓનો એક જેવો અર્થ નિકળે છે એ વિશ્વાસથી ચાલીએ છીએ કે સારા વર્ગમાં શિક્ષણ એક જ રીતે સંભવ છે. આ એક સત્ય નથી જ્યારે આપણે માનવું છે કે શિક્ષણનો અર્થ નિર્માણ કરવાવાળુ હોય છે.

અર્થ નિર્માણની તેની શૈક્ષણિક પ્રક્રિયામાં સમાપ્તિ નથી થતી. તે નિરંતર પોતાના વાતાવરણનું આદાન - પ્રદાન કરતાં નવા અર્થ નીકળે છે.શિક્ષકના રૂપમાં અર્થ પૂર્ણ શિક્ષણનો વધારો કરવા માટે તમારી ભૂમિકા નીચે પ્રમાણે છે -

- વર્ગમાં કોઈ શિક્ષણકાર્ય-પ્રવૃતિની શરૂઆત કરતાં પહેલા તમારે પ્રત્યેક બાળકની પ્રવૃતિથી સબંધીત પૂર્વજ્ઞાનની જાણકારી હોવી જોઈએ.
- પૂર્વજ્ઞન ઉપરાંત તમારે બાળકના રસ તથા પવૃત્તિ વિશેની વિસ્તૃત જાણકારી હોવી જોઈએ અને તેની સાથે સાથે બાળકોના વ્યક્તિત્વની જાણકારી હોવી જોઈએ તેના પ્રત્યક્ષીકરણનું આચરણ છે.
- તમારે શાળા અને વર્ગખંડનું સકારાત્મક વાતાવરણનું સર્જન કરવાની જરૂર છે. જેમાં બાળક ચર્ચા કરવા યોગ્ય મુદ્દાઓ પર પોતાના વિચારો સ્વતંત્ર રીતે રજૂ કરી શકે.

- તમારે પ્રત્યેક વિદ્યાર્થીનો કોઈ મુદ્દા પરના પ્રત્યક્ષીકરણના બ્લેકબોર્ડ ઉપર લખવા જોઈએ. જેથી બધા વિદ્યાર્થીઓ બધા કથનો જોઈ શકે.
*શિક્ષાર્થી - કેન્દ્રિત ઉપાગમમાં આપણે નીચના મુદ્દાઓને ધ્યાનમાં લઈએ.*

*વિદ્યાર્થીઓમાં અધિગમના પ્રકારો જુદા-જુદા હોય છે.*

*વિદ્યાલયમાં બાળકોમાં રહેલી જિજ્ઞાસા અને નિરંતર સ્વ - અન્વેષણને શીખવાનો આધાર બનાવવો જોઈએ. એટલે કે વિદ્યાર્થીની રૂચિ અનુસાર અને જેટલા ઉંડાણમાં એ જ્ઞાન મેળવવાનો છે તેના અવસરો પૂરા પાડવા જોઈએ.*

*બાળકો ઘણીવાર પ્રત્યાશિત રીતે શીખે છે માટે તેના માટે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ.*

*વિદ્યાલયનું કાર્ય છે કે તે વિદ્યાર્થીને આવી રીતે શીખવે છે જીવંત પર્યંત શિક્ષાર્થી બની રહે.*

*બાળક પોતાના અધિગમ ક્ષેત્રમાં બુધ્ધિતાપૂર્વક રીતે નિર્ણય લેવાની ક્ષમતા કેળવે. વિશ્વાસ, પરસ્પર સમાન ભાવના અને ખુલ્લા દિલ-દિમાંગથી અધિગમ વધારે સુદૃઢ થાય છે. વિદ્યાલયમાં સ્વીકૃતિની ભાવના અને સકારાત્મક ભાવનાનું વાતાવરણ રાખવું જોઈએ. એટલે જ એક અધ્યાપક સ્વરૂપે શિક્ષાર્થી કેન્દ્રીત ઉપાગમમાં નીચેની ત્રણ મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવવાની હોય છે.*

**શિક્ષાર્થીના અવલોકન કર્તા અને નિદાન કર્તા :-** *અધ્યાપક શિક્ષાર્થીના વ્યવહારો અને કાર્યકલાપોનો વર્ગની અંદર અને બહાર સતત અવલોકન કરે છ અને તેની અભિગમ, જરૂરીયાતો, સવલતો અને નિર્બળતાને ઓળખી તેના માટે સુગમ પરિસ્થિતિનો નિર્માણ કરે છે કે જેથી તે અધિગમ કેળવી શકે.*

**અધિગમ માટે જરૂરી વાતાવરણ તૈયાર કરવું :-** *એકવાર તમે શિક્ષાર્થની અધિગમ જરૂરીયાતોને ઓળખી લેશો પછી તમારૂ મુખ્ય કાર્ય શિક્ષાર્થી માટે એવા વાતાવરણને તૈયાર કરવો કે જેમાં તે સારી રીતે શીખે શકે અને વધુને વધુ શીખવા માટે પ્રોત્સાહિત થાય.*

**અધિગમ સહજ કર્તા :-** *શિક્ષાર્થી જ્યારે અધિગમ ક્રિયાલાપોમાં સંલગ્ન હોય ત્યારે તમે સતર્ક રહી મદદ કરશો. પ્રત્યક્ષ શિક્ષણમાં વધુ અઘરૂ કાર્ય છે. તમે જાણો છો કે દરેક વિદ્યાર્થીની શીખવાની પદ્ધતિ, રૂચિ, કાર્ય શૈલી, વિવિધ હોય છે, તેથી જ સમયસર તેને શિક્ષણમાં અભિરૂચિ કેળવાય તે માટે સહાયતા કરશો. જ્યારે પણ તમે શિક્ષાર્થીને નિરાશ જોઓ ત્યોર તેને ક્રિયાકલાપમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરો.*

---

E-7 *શિક્ષાર્થી કેન્દ્રિત  કક્ષામાં અધ્યાપકની ભૂમિકાનું વર્ણન કરો.*

---

## ૪.૨.૨ અધિગમ - કન્દ્રિત ઉપાગમ  :

*અધિગમ કેન્દ્રિત શિક્ષા અધિગમ પ્રક્રિયામાં વિદ્યાર્થીનો અભિગમ પ્રમુખ સ્થાન પર હોય છે. આ ઉપાગમમાં શિક્ષાએ કેન્દ્ર છે તથા શિક્ષાથી જોડાયેલા બધા જ વ્યક્તિઓ અને અધ્યાપક પણ વિદ્યાર્થી સાથે સહ - શિક્ષાર્થી હોય છે. મુખ્યત્વે આ ભવિષ્યમાં વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખવામાં આવે છે. શોધ કર્તાઓને આ વાત માની છે કે અધિગમ કેન્દ્રિત  ઉપાગમથી વિદ્યાર્થી કૌશલ પ્રાપ્ત કરે છે અને જીવપર્યંત એ શિક્ષાર્થી બની રહે છે.*

*દાખલા તરીકે જ્યારે વિદ્યાર્થીઓ સાથે તમે શૈક્ષણિક પ્રવાસમાં કોઈ કારખાના કે ડેમની મુલાકાત લેવા જાઓ છો તો માત્ર વિદ્યાર્થી નથી શીખતો પણ પણ ઘણી નવી બાબતો જેવી કે તકનીકી વિશેષતતા, કર્મચારીઓ સાથે વાતચીત, કારખાનું, સંચાનલ, નિર્માણ, ઉપયોગિતા જેવી માહિતી મેળવીએ છીએ. આવી માહિતી વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવાથી તેમની અધિગમ ક્ષમતામાં વધારો કરી શકાય છે.*



નોંધ

## શિક્ષાર્થી અને અધિગમ - કેન્દ્રિત ઉપાગમ

અધિગમ- કેન્દ્રિત શિક્ષામાં વિદ્યાર્થીને શિક્ષાનુ કેન્દ્ર બિંદુ માનવામાં આવે છે. આમાં વિદ્યાર્થીના તે શૈક્ષણિક સંદર્ભને સમજવામાં આવે છે જ્યાંથી વિદ્યાર્થી આવે છે. અધ્યાપક દ્વારા વિદ્યાર્થીને સમજાવની પ્રક્રિયા તેના અધિગમ ઉદ્દેશ્યોની પ્રાપ્તિ કે મૂલ્યાંકન કરતી વખતે પર ચાલે છે. વિદ્યાર્થીને શીખવાના મૂળભૂત કૌશલ ને પ્રાપ્ત કરી જીવન પર્યંત જ્ઞાન ઉપાર્જન કરવા માટે પ્રેરીત કરી શકાય. તેથી વાસ્તવમાં અધિગમની જવાબદારી વિદ્યાર્થી ઉપર હોય છે અને અધ્યાપક વિદ્યાર્થીની શિક્ષાને સહજ અને સુગમ બનાવવાની જવાબદારી લે છે. આ ઉપાગમ વ્યક્તિવાદી ફેરફારવાળો અને દક્ષતા આધારિત વિવિધ વિધ્ધિઓના ઉપયોગ દ્વારા પ્રાપ્ત થાય છે. આ કોઈ સ્થાન કે સમયથી બંધાયેલો નથી. બીજા શબ્દમાં કહીએ તો આ ઉપાગમ વિદ્યાર્થી આધારીત શિક્ષણ અધિગમના વાતવારણને પ્રોત્સાહિત કરે છે. આમાં એક બીજાના સહયોગથી અને વિષય વસ્તુને શોખ કરી જ્ઞાનની સાર્થકતા સાથે જોડવામાં આવે છે. અધ્યાપક વિદ્યાર્થની ઉત્પાદકતા, જ્ઞાનઉપાર્જન ક્ષમતા, કૌશલથી સતત ઉચ્ચતર બનાવવાનો પ્રયાસ કરે છે તથા તેની વ્યક્તિગત અને વ્યવસાયિક ક્ષમતાઓને વિકસિત કરવાનો પ્રયાસ કરે છે. આના માટે તે વિવિધ અનુદેશાત્મક વિધેયો અને ઉપકરણોનો ઉપયોગ કરે છે તે સમય અને સ્થાન સાથે બંધિત ન હોય. વિદ્યાર્થી પોતાના પસંદગી માટે મુખ્ય રીતે જવાબદાર હોય છે અને તેની પાસે અધિગમના નિયંત્રણ કરવા માટે અવસર ઉપલબ્ધ હોયછે. આના ફળ સ્વરૂપે બાળકોના અભિગમ સંબંધીસ બધા જ હિતધારકો વચ્ચે એક સહયોગાત્મક ભાગીદારી થાય છે.

અધિગમ કેન્દ્રીત શૈક્ષણિક અભ્યાસોના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે.

- કક્ષાની અંદર કે બાહર સહયોગાત્મક સામૂહિક અધિગમ
- વ્યક્તિગત વિદ્યાર્થીનો અન્વેષણ અને પૂછપરછ
- વિદ્યાર્થી અને અધ્યાપક બંને દ્વારા અન્વેષણ અને પૂછપરછ
- સમસ્યા આધારિત તપાસ અધિગમ
- સમકાલિક અંતઃ ક્રિયાત્મક રૂટસ્થ અધિગમ
- સ્વયં દ્વારા અનુભૂતિ મૂળક અધિગમ ક્રિયાકલાપ
- અધિગમ સ્થાનોનો અનુભવ
- પ્રાસંગિક કાર્યોનો સ્વનિર્ધારિત પ્રદર્શન

**અધિગમ- કેન્દ્રિત શિક્ષાની વિશેષતઓ :**

તેની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થી સમૂહ પાસેથી વિશ્લેષણ કરી જ્ઞાન મેળવે છે અને તેને સામાન્ય કૌશલ જેવા કે શોખ કરવી, ગહન ચિંતન કરવું, સમસ્યા સમાધાન વગેરે સાથે જોડે છે.
- પ્રભાવકારી રીતે જ્ઞાન સંપ્રેષણ કરી તેનો ઉપયોગ વાસ્તવિક જીવનમાં ઉદ્દભવી સમસ્યાઓના સમાધાન માટે કરે છે.
- વાસ્વતિક જીવનમાં ઉદ્દભવતી સમસ્યાઓના સમાધાન માટે કરે છે.
- અધ્યાપકની ભૂમિકા પથદર્શન અને અધિગમને સહજ બનાવવાની છે.
- અધ્યાપક અને વિદ્યાર્થી મળીને અધિગમનું મૂલ્યાંકન કરે છે.
- અધ્યાપન અને આંકલન એકબીજા સાથે જોડાયેલા છે.
- આકલનનો ઉપયોગ અધિગમને વધારાવા અને નિદાન કરવા માટે થાય છે.
- ત્રુટિયોથી શીખવામાં અને સમસ્યાના સમાધાનને વધુ બળ મળે છે.



નોંધ

- અપેક્ષિત અધિગમનો પ્રત્યક્ષ રીતે પેપર પેન્સિલ, પ્રોજેક્ટ, પ્રદર્શન પોર્ટફોલીયો વડે આંકલન કરવામાં આવે છે.
- અંતર્વિષયી અન્વેષણ સાથે ઉપાગમ સુસંગત છે
- સંસ્કૃતિ સહકારી અને સહયોગાત્મક હોય છે.
- અધ્યાપક અને વિદ્યાર્થી સાથે સાથે શીખે છે.

Welwer (2002) મુજબ અધિગમ કેન્દ્રીત શિક્ષા પ્રણલીમાં અભ્યાસો કરવા જરૂરી છે.

**(i) વિષય-વસ્તુનું કાર્ય :** જ્ઞાનનું આધાર નિર્મિત કરતા ઉપરાંત વિષય-વસ્તુ વિદ્યાર્થીઓની નીચેની બાબતોમાં સહયોગ કરે છે.

- વિષય-વસ્તુ વિશે વિચારવામાં અને અન્વેષણનો અભ્યાસ કરવામાં.
- ? વાસ્તવિક સમસ્યાઓનો સમાધાન કાઢવામાં
- વિષયવસ્તુના કાર્યને સમજવામાં અને શા માટે આ વિષયવસ્તુ શીખવામાં આવી.
- વિષય વિશેષ માટે અધિગમ વિધિયો બનાવવામાં
- વિષયવસ્તુની વિશિષ્ટ મૂલ્ય સમજવામાં
- વિષયવસ્તુ દ્વારા શીખવાના પ્રકારો વિકસિત કરવામાં અને તેનો અર્થ સમજવામાં

**(ii) અધ્યાપકની ભૂમિકા :** અધ્યાપક એક આવા વાતાવરણનું સર્જન કરે છે કે જેમાં....

- વિદ્યાર્થીના અધિગમનું નિર્માણ થાય.
- વિભિન્ન પ્રકારના અધિગમના પ્રકારોમાં સામજસ્ય સ્થાપિત થાય.
- વિદ્યાર્થીઓને શીખવા માટે જવાબદારી સ્વીકાર કરવા માટે પ્રેરિત કરવા.
- અધિગમ ઉદ્દેશ્ય અધિગમ વિધિઓ અને મૂલ્યાંકનમાં સતત સુસંગત આયોજન કરવામાં.
- વિદ્યાર્થીના અધિગમ લક્ષ્યની પ્રાપ્તિ માટે વિવિધ અધિગમ તકનીકનો ઉપયોગ કરવામાં.
- એવી ક્રિયાકલાપો તૈયાર કરવામાં આવે છે કે જેમાં અધ્યાપક અને વિદ્યાર્થી બંને સક્રિય રીતે ભાગ લે.
- વિદ્યાર્થીને સ્વાધ્યાય માટે પ્રેરિત અને પ્રોત્સાહિત કરવા.

**(iii) અધિગમની જવાબદારી :** જો કે અધિગમની જવાબદારી અધ્યાપક અને વિદ્યાર્થી બંનેની હોય છે પણ વિદ્યાર્થીથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે અધિગમ અને મૂલ્યાંકનની જવાબદારી સ્વીકારી તેના ફલસ્વરૂપ વિદ્યાર્થી-

- આગળના અધિગમ માટે અધિગમ કૌશલનો વિકાસ કરે છે.
- સ્વ નિર્દેશિત જીવન પર્યંત શિક્ષાર્થી બને છે .
- પોતાના અધિગમનું સ્વ મૂલ્યાંકન કરે છે.
- સાક્ષરતા સૂચનના કૌશલને સિધ્ધ કરે છે.

**(iv) મૂલ્યાંકન પ્રક્રિયા અને ઉદ્દેશ્ય :** અધિગમ કેન્દ્રિત શિક્ષામાં મૂલ્યાંકન વધુ જોડાયેલુ હોય છે. તેમાં સામેલ છે..

- સમકાલિન મૂલ્યાંકન
- સંરચનાત્મક અનુવર્તની સાથે રચનાત્મક મૂલ્યાંકન
- સહપાઠી અને સ્વયં દ્વારા મૂલ્યાંકન
- શીખવાના અને વિશેષજ્ઞતા પ્રદર્શન માટે ઘણા અવસરો
- વિદ્યાર્થી પોતાના જવાબોને ન્યોયોચિત બનાવવા પ્રોત્સાહિત થાય છે.

નોંધ

## શિક્ષાર્થી અને અધિગમ - કેન્દ્રિત ઉપાગમ

- વિદ્યાર્થી અને અધ્યાપક અનુવર્તન માટે સમય નિર્ધારણ કરવા સહમત થાય છે.
- સમય દરમ્યાન વિશુદ્ધ મૂલ્યાંકનનો ઉપયોગ કરે છે.

**(v) શક્તિ સંતુલન :** અધ્યાપકથી વધારે, વિદ્યાર્થી પોતાના અધિગમ પર નિયંત્રણ રાખે છે. અધ્યાપકે સર્તકતાની સાથે-સાથે વિદ્યાર્થી પોતાના અધિગમના નિયંત્રણની જવાબદારી સ્વીકારે તેવા અધિકાર આપવાના પ્રયાસની આવશ્યકતા છે.

- વિદ્યાર્થીને વધારાની શોખ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- યોગ્ય સમયે વૈકલ્પિક દષ્ટિકોણ અભિવ્યક્તિ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- કોન્ટેક્ટ ગ્રેડિંગ કે માસ્ટરી ગ્રેડિંગનો ઉપયોગ કરવામાં આવે છે.
- મૂલ્યાંકન મુક્ત રીતે થાય છે.
- વિદ્યાર્થી શીખવાના અવસરનો લાભ લે છે.

---

E-8 જો કક્ષામા અધિગમ કેન્દ્રિત ઉપાગમ દાખલ કરવામાં આવે તો વર્તમાન જો અધ્યાપક - કેન્દ્રિત ઉપાગમમાં કયાં પ્રકારના પરિવર્તન કરવાની જરૂર છે તેનું વર્ણન કરો.

શિક્ષાના ત્રણ ઉપાગમો - અધ્યાપક કેન્દ્રિત - શિક્ષાર્થી કેન્દ્રિત અને અધિગમ કેન્દ્રિત શિક્ષાના મુખ્ય ઘટકોનુ તુલનાત્મક ચિત્રણ નીચે મુજબ રજૂ કરવી શકાય.

---

પત્રક - ૪.૧ શિક્ષાના ત્રણ ઉપાગમો વચ્ચે તુલના

| મુદ્રા | અધ્યાપક કેન્દ્રિત | શિક્ષાર્થી કેન્દ્રિત | અધિગમ કેન્દ્રિત |
|---|---|---|---|
| જ્ઞાનની પ્રકૃતિ | જ્ઞાન શિક્ષાર્થીથી પણ અગાઉ (પહેલા) | જ્ઞાન વિદ્યાર્થી દ્વારા શોધવામાં આવે છે. | જ્ઞાન વિદ્યાર્થી દ્વારા સરચિત કરવામાં આવે છે. |
| અધ્યાપક અને શિક્ષાર્થીની ભૂમિકા | અધ્યાપક સક્રિય અને વિદ્યાર્થી નિષ્ક્રીય હોય છે. | અધ્યાપક શિક્ષાર્થી ને સક્રિય બનાવે છે | વિદ્યાર્થી કાર્ય કરે છે અધ્યાપક ઉત્સાહિત કરે છે. |
| અધ્યાપકના કાર્યની પ્રબળતા | અનુદેશન, નિદર્શન | અધિગમ કાર્ય પ્રણાલી અને અધ્યાયન | અધિગમને સુગમ બનાવવા માટે સહાયતા કરવી. |
| પરિસ્થિતિ | સ્વતંત્ર પરિસ્થિતિ | શિક્ષાર્થી અનુકૂલ | અધિગમ સંવર્ભિત અને સ્વાભાવિક અધિગમ |
| નિયંત્રણ | સંપૂર્ણ રીતે અધ્યાપક નિયંત્રિત | અધ્યાપક અને શિક્ષાર્થી નિયંત્રિત | શિક્ષાર્થી નિમંત્રિત |
| Input નાખવું | કેટલુંક જ્ઞાન અને તથ્ય | ક્ષમતાઓ અને અનુભવ | અધિગમ તકનીક અને રણનિતિ |
| વિધિ અને ઉપાગમ | વ્યાખ્યાન અને પ્રદર્શન | ખેલ વિધિઓ અને આનંદદાયક વિધિઓ | ક્રિયાકલાપ આધારિત વિધિઓ |
| પાઠ્યક્રમ | નિર્દિષ્ટ | વિકાસાત્મક | ઉદ્‌ભવીત |
| મૂલ્યાંકન | વસ્તુનિષ્ટ આધારિત | ક્રિયાકલાપ આધારિત | વિશુદ્ધ મૂલ્યાંકન |

| | સંકલનાત્મક | રચનાત્મક | અને સ્વઃ વિશ્લેષણ |
|---|---|---|---|
| અનુશાસન | જબરદસ્તીથી લાગાવેલા | ભાગીદારી સ્વરૂપે | સ્વઃ નિયંત્રિત |

નોંધ

## ૪.૨.૩ સહકારી અભિગમ :

સહકારી અભિગમ મોડલનો વિકાસ ઓછામાં ઓછો ત્રણ અનુદેશાત્મક લક્ષ્યોની પ્રાપ્તિ માટે થાય છે. તે લક્ષ્ય છે શૈક્ષણિક ઉપલબ્ધ, વિભિન્નતાનો સ્વીકાર અને સામાજીક કૌશલનો વિકાસ. આ એક નાનો સમૂહનો ઉપાગમ છે કે જેમાં પ્રજાતાંત્રિક, પ્રક્રિયા, વ્યક્તિગત જવાબદારી, સમાન અવસર અને સામૂહિક પારિતોષિક નિહિત છે. આજની કક્ષાઓમાં ઘણા બધા પ્રકારના સહકારી અધિગમ ક્રિયાકલાપોના મોડલનોઉપયોગ કરવામાં આવે છે જેમાં વિદ્યાર્થી ટીમની ઉલબ્ધનું વિભાજન, સામૂહિક અન્વેષણ વગેરે. બધી સહકારી અધિગમ એકમોમાં નીચેની વિશેષતાઓ જોવા મળે છે.

- વિદ્યાર્થીઓ દ્વારા નાના-નાના સમૂહમાં કાર્ય કરવું.
- સમૂહ બધા જ પ્રકારના વિદ્યાર્થીઓ જેવા કે ઉચ્ચ, સરેરાશ અને નિમ્ન ઉપલબ્ધિવાળા વિદ્યાર્થીને સામેલ કરાય છે.
- જ્યાં સુધી શક્ય હોય સમૂહમાં બધા જ પ્રકારની જાતિ, લિંગ અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિવાળા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.
- પુરસ્કાર વ્યક્તિગત ન હોય સમૂહ આધારિત હોય છે. અવલોકન કરવાથી ધ્યાનમાં આવ્યુ કે સહકારી ઉપાગન શૈક્ષણિક ઉપલબ્ધિ, સહયોગાત્મક, વ્યવહાર, આંતર સાંસ્કૃતિક સમજ અને સંબંધ, તથા વિકલાંગ વિદ્યાર્થીઓ તરફ સકારાત્મક દષ્ટિકોણ પર અસર કરે છે.

સહકારી અભિગમના પાંચ મૂળભૂત તત્વો હોય છે. (Boran and ciuffetelli parker, 2009)

**(૧) સકારાત્મક આંતર નિર્ભરતા :**

- વિદ્યાર્થી સંપૂર્ણ રીતે ભાગીદાર બને અને સમૂહમાં પોતાનું યોગદાન આપે.
- સમૂહમાં બધા જ સદસ્યોની કાર્ય ભૂમિકા - જવાબદારી છે. બધાએ આ વાત પર વિશ્વાસ કરવો જોઈએ કે સમૂહના અધિગમ પ્રત્યે તેમની જવાબદારી છે.

**(૨) અરસ-પરસ વાતચીતને પ્રોત્સાહન આપે છે.**

- સદસ્ય એકબીજાની સફળતાને વેગ આપે છે.
- વિદ્યાર્થી એકબીજાને જણાવે છે કે તેઓ શું શીખી રહ્યા છે. તેઓ પોતાના અને બીજા વિદ્યાર્થીઓને આપેલા કાર્યને સમજે અને સહયોગ આપે.

**(૩) વ્યક્તિગત જવાબદારી :**

- પ્રત્યેક વિદ્યાર્થી અધ્યયન કરવામાં આવતી વિષયવસ્તુના પ્રદર્શનમાં સિધ્ધિ પ્રાપ્ત કરે.
- પ્રત્યેક વિદ્યાર્થી પોતાના અધિગમ અને કાર્યની પ્રતિ જવાબદાર બને.

**(૪) સામાજીક કૌશલ્ય :**

- સફળ સહકીર અધિગમ માટે સામાજી કૌશલ્ય હોવું જરૂરી છે.
- સામાજીક કૌશલ્યમાં નીચેના વ્યક્તિગત અને સામૂહિક કૌશલ્ય સામેલછે. (i) નેતૃત્વ ક્ષમતા (ii) નિર્ણય ક્ષમતા (iii) વિશ્વસનીયતા (iv) સંપ્રેષણ (v) વિવાદ નિરાકરણ ક્ષમતા

**(૫) સામૂહિક પ્રસંસ્કરણ :**

દરેક સમૂહ પોતાની પ્રભાવશીલતાનું મૂલ્યાંકન કરે અને નિર્ણય લે કે કેવી રીતે તે તેને વધારે

નોંધ



સારૂ બનાવી શકે. વિદ્યાર્થીની ઉલબ્ધિને વધુ સારી બનાવવા માટે બે વિશેષતાઓ હોવી જરૂરી છે.

(ક) વિદ્યાર્થી સમૂહના લક્ષ્યને ઓળખ માટે કાર્ય કરવું.

(ખ) સફલતા દરેક વિદ્યાર્થીના અધિગમ પર આધાર રાખે છે.

સહકારી અધિગમ કાર્ય અને પુરસ્કારની રચના કરતી વખતે વ્યક્તિગત જવાબદારી અને ઉત્તરદાયિત્વ નક્કી કરવમાં આવે. વ્યક્તિને એ ખબર હોવી જોઈએ કે તેની જવાબદારી શું છે અને સમૂહના લક્ષ્યની પ્રાપ્તિ માટે તેની એક ચોક્કસ જવાબદારી છે. સમૂહના કાર્યોને પૂરા કરવા માટે વિદ્યાર્થીઓ વચ્ચે સકારાત્મક આત્મનિર્ભરતા હોવી જોઈએ. સમૂહ કાર્યને પૂરો કરવા માટે દરેક સદસ્યની સક્રિય ભાગીદારી હોવી જોઈએ. આ માટે દરેક સદસ્ય એ કાર્યને પૂરો કરવા માટેની જવાબદારી લે જે કાર્ય સમૂહના બાકી લોકો પૂરો કરી શક્યા નથી.

સહકારી અધિગમના ઉપયોગ માટે દિશા-નિર્દેશ

- સમૂહનો આકાર : ૩ થી ૫ વિદ્યાર્થીઓ સુધી સીમિત રાખો.
- સમૂહમાં વિવિધ શૈક્ષણિક યોગ્યતા, લિંગ, જાતિના વિદ્યાર્થીઓનું મિશ્રણ હોવું જોઈએ.
- સમૂહના દરેક સદસ્યને એક ચોક્કસ કાર્ય, જવાબદારી, ભૂમિકા સોંપી દેવી જોઈએ કે જેથી તે સમૂહમાં કાર્ય કરવામાં સફળ થાય.
- સહકારી અભિગમનો ઉપયોગ ક્રિયાકલાપની સમીક્ષા, સમૃદ્ધિકરણ તથા સમૂહના સદસ્યોની વચ્ચે સામગ્રીનો આદાન-પ્રદાન અને એકબીજાની મદદ કરવા માટે થવો જોઈએ.
- સહકારી અભિગમની યોજનામાં બનાવતી વખતે, કક્ષા પ્રબંધન, કાર્ય- સામગ્રી અને સમય પ્રબંધનનો ધ્યાન રાખવો જોઈએ.
- વ્યક્તિગત વિદ્યાર્થીના યોગદાનને ગ્રેડ આપવું.
- સમૂહના વિદ્યાર્થીઓ માટે એક સમૂહ પુરસ્કાર આપવાનો વિચાર કરવો જોઈએ.
- સમૂહના સદસ્યોમાં જરૂરી ફેરફાર કરવા જોઈએ કે જેથી કોઈ વિદ્યાર્થીને આવી લાગણી ન થાય કે આ સમૂહ ધીમો સમૂહ છે માટે બધા જ વિદ્યાર્થીઓને બધા જ સમૂહમાં કામ કરવાનો અવસર મળે તેવું આયોજન કરવું જોઈએ.
- સહકારી અધિગમને પ્રભાવકારી રીતે કાર્યાન્વિત કરવા માટે સદસ્યોમાં સામાજીક કોશલનો વિકાસ, મોડલ બનાવવું, નિયમિત રીતે પુર્નબળ પ્રદાન કરવું જોઈએ.

સહકારી અધિગમના વિવિધ પગલાઓમાં અધ્યાપકની ભૂમિકાનો સારાંશ ટેબલ ૪.૨ દર્શાવવામાં આવ્યો છે.

ટેબલ ૪.૨ સહકારી અધિગમ મોડેલમાં અધ્યાપકની ભૂમિકા

| ક્રમ | અધ્યાપકની ભૂમિકા |
|---|---|
| ૧.લક્ષ્ય અને અધિગમ સેટની રજૂઆત | અધ્યાપક પાઠના ઉદ્દેશ્યોને સમજે છે અને અધિગમ સેટની સ્થાપના કરે છે. |
| ૨.સૂચના પ્રસ્તુતિ | અધ્યાપક વિદ્યાર્થીઓને મોખિક અને લેખિત સામગ્રી દ્વારા સૂચના આપશે. |
| ૩. અભિગમ ટીમ માટે | અધ્યાપક વિદ્યાર્થીઓને જણાવે છે કે કઈ રીતે સમૂહ |



નોંધ

| | |
|---|---|
| વિદ્યાર્થીઓનું સંગઠન | બનાવવું છે અને તેને પ્રભાવી બનાવા સહયોગ કરવાનો છે. |
| ૪.સમૂહ કાર્ય અને અધ્યયનમાં સહયોગ | અધ્યાપક અધિક સમૂહ કે અધ્યયન કાર્યમાં સહયોગ આપે છે. |
| ૫.સામગ્રી પરીક્ષણ | અધ્યાપક અધિગમ સામગ્રીમાં જ્ઞાનની સૂચી બનાવે છે અને સમૂહના પરિણામોને પ્રસ્તુત કરે છે. |
| ૬.ઓળખ સાધવી | અધ્યાપક વ્યક્તિગત અને સમૂહના પ્રયાસો અને ઉપલબ્ધિઓની ઓળખ કરાવે છે. |

**સહકારી અધિગમના ફાયદા અને મર્યાદાઓ :**

સહકારી અધિગમ વડે કરવામાં આવેલા શોધ કાર્યોમાં કેટલાક સકારાત્મક પરિણામ આવેલા છે. સહકારી અધિગમમાં વિદ્યાર્થીઓને સામૂહિક ક્રિયાકલાપમાં સામેલ થવાની જરૂરીયાત હોય છે, જેથી વિદ્યાર્થી અભિગમમાં વૃધ્ધિ થાય છે. સહકારી અભિગમથી જે સકારાત્મક પરિણામ મેળવ્યા છે તેનાં શૈક્ષણિક લાભ, વધારે સારા વ્યક્તિગત સંબંધ, વ્યક્તિગત અને સામાજીક વિકાસમાં વૃધ્ધિ. ઉપાગમના કેટલાક ફાયદાઓ ન્યાયક શોધ પછી મળ્યા છે જે નીચે મુજબ છે.

- વિદ્યાર્થી શૈક્ષણિક ઉપલબ્ધિનું પ્રદર્શન કરે છે.
- સહકારી અધિગમ વિધિ બધા જ પ્રકારની ક્ષમતા સ્તરવાળા શિક્ષાર્થીઓનો સમાવેશ કરે છે.
- જ્યારે વિદ્યાર્થીને એક બીજા સાથે કામ કરવાનો અવસર મળે છે. ત્યારે તે વધારે સારી રીતે એકબીજાને સમજે છે.
- સહકારી અધિગમ વિદ્યાર્થીના આત્મ-સમ્માન અને સ્વ- અવધારણામાં વધારો કરે છે.

વિદ્યાર્થીઓમાં જે જાતિ, લિંગ, સામાજીક સ્તર, શારિરીક/માનસિક વિકલાંગતાના કારણે જે અસમાનતા હોય છે તે સહકારી અધિગમમાં ટૂટે છે તથા સકારાત્મક અધિગમ સાથે મિત્રતાનો ભાવ કેળવાય છે. જો કે સહકારી અધિગમમાં ઘણી મર્યાદાઓ પણ છે જેથી આ પ્રક્રિયાને જેટલી સરળ સમજવામાં આવે તેટલી સરળ નથી પણ જટીલ છે. સહકારી અધિગમમાં વારંવાર પરિવર્તન થાય છે પરિણામે અધ્યાપક સંકુચિત થઈ જાય છે અને વિધિને પૂર્ણ રીતે સમજવામાં નિષ્ફળ જાય છે. ઘણીવાર આ વિધિનો અમલ કરવામાં અધ્યાપકને વિદ્યાર્થીઓના ગુસ્સાનો પણ સામનો કરવો પડી શકે જે હોશિયાર છે, નિપૂણ છે કારણ કે કમજોર વિદ્યાર્થી સાથે રહી તેમની પ્રગતિની ઝડપ ધીમી પડી શકે છે માટે તે પદ્ધતિનો વિરોધ કરી શકે છે.

E-9 સહકારી અધિગમ કેવા પ્રકારના વિદ્યાર્થીઓના આત્મ-વિશ્વાસમાં વધારો કરે છે ?

## ૪.૨.૪ સહયોગાત્મક અધિગમ :

સહયોગાત્મક અધિગમ, સહકારી અધિગ્મ ઉપાગમ વધારે સામાન્યીકૃત ઉપાગમ છે. આમાં બે કે તેથી વધુ વ્યક્તિઓને શીખવા માટે અને સાથે કાર્ય કરવા માટે અવસર આપવામાં આવે છે. વ્યક્તિગત અધિગમથી જુદા આમાં બીજા વ્યક્તિના સંસાધનો અને કોશલોનો ફાયદો ઉપાડવામાં આવે છે. (જેમકે સૂચના માટે બીજાઓને પૂછવું, એકબીજાના વિચારોની આપ-લે કરવી મૂલ્યાંકન કરવું, કાર્યની નીરીક્ષણ કરવું) વિશિષ્ટ રીતે કહીએ તો સહયોગાત્મક અભિગમનો આધાર વ્યક્તિઓના

નોંધ

સમૂહમાં જ્ઞાનનું સર્જન, સહસ્યોના પારસ્પિરિક આંતરક્રિયાઓ અને અનુભવોને વહેંચી તથા સક્રિય ભૂમિકા ભજવવા પર રહેલો છે. આ એક આવા અધિગમ છે કે જેમાં શિક્ષાર્થી અને અધ્યાપક મળી સમસ્યાઓનો સમાધાન કરવામાં આવે છે. બંને મળી કોઈ અર્થપૂર્ણ પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ સમૂહમાં વિષય વસ્તુની ચર્ચા કરે અથવા ઈન્ટરનેટ પર બધા વિદ્યાર્થીઓની ચર્ચા કરે કે માહિતીન આપલે કરે તે સહયોગાત્મક ઉદાહરણ છે.

બીજા શબ્દોમાં કહેશો તો સહયોગાત્મક અધિગમમાં એ એવી વિધી છે કે જેમાં એક એવું વાતાવરણ ઉભુ કરવામાં આવે છે જેમાં વિદ્યાર્થી એક બીજાથી શીખે છે અને પોતાના કાર્ય પ્રતિ ઉત્તરદાયી હોય છે. આ વિધિમાં કોમ્પ્યુટરનો ઉપયોગ કરી સામ-સામે વાતચીત કરે છે. (જેમ કે ઓનલાઈન, ફોરમ, ચેટિંગરૂમ વગેરે) સહયોગાત્મક અધિગમ પ્રક્રિયાના પરીક્ષણમાં સંવાદ વિશ્લેષણ અને આંકડાકીય વ્યાખ્યાન વિશ્લેષણ સામેલ છે. સહયોગાત્મક અને સહકારી અધિગમ પરંપરાગત શિક્ષણ ઉપાગમોથી ભિન્ન છે, આમાં વિદ્યાર્થી વ્યક્તિગત રીતે એકબીજાની સાથે પ્રતિસ્પર્ધા નથી કરતો પણ બીજા સાથે મળી કાર્ય કરે છે. સહકારી અને સહયોગાત્મક ઉપાગમોની વચ્ચે જે સુક્ષ્મ તફાવત છે કે સહયોગાત્મક અધિગમની પ્રકૃતિથી તપાસી શકાય છે.

સહયોગાત્મક અધિગમ ક્યારે પણ થઈ શકે છે, દાખલા તરીકે ગૃહકાર્ય પૂર્ણ કરવા માટે વિદ્યાર્થી એકબીજાની સહાયતા કરે. સહયોગાત્મક અધિગમ ત્યારે થાય જ્યારે વિદ્યાર્થી એક જગ્યાએ મળી કોઈ પ્રોજેક્ટ પર નાના સમૂહમાં કાર્ય કરે. સહયોગાત્મક અધિગમ વધારે ગુણાત્મક ઉપાગમ છે જેમકે વિદ્યાર્થી સાહિત્યના વિશે, ઈતિહાસના વિવિધ સ્ત્રોતના સંદર્ભે વિશ્લેષણ કરે. બીજી બાજુ સહકારી અધિગમમાં પરિણાત્મક વિધિયોનો ઉપયોગ કરે છે અને ઉપલબ્ધિઓને જુએ છે.

સહયોગાત્મક અધિગમમાં એકવાર કાર્ય નિર્ધારિણ કરી કે જે મુક્ત વાતાવરણમાં હોય છે, અધ્યાપક બધા અધિકારો સમૂહ અને સ્થાનાન્તરિત કરે છે. હવે તે સમૂહ પર આધાર રાખે છે કે તે કઈ રીતે મળીને કાર્ય પૂર્ણ કરવાના યોજના બનાવે છે. સહાકારી અધિગમ ઉપાગનમાં અધિકાર અધ્યાપક પાસે હોય છે. અધ્યાપક સમસ્યા સમાધાન કરવા માટે સમૂહમાં દિશા-નિર્દેશ આપે છે, દેખરેખજ રાખી સુધારાત્મક સૂચના આપે છે.

સહયોગાત્મક અધિગમ વાસ્તવમાં વિદ્યાર્થીઓને સશક્ત બનાવે છે જ્યારે સહકારી અધિગમમાં એવું નથી. સહકારી અધિગમમાં વિદ્યાર્થીની ઈચ્છાનુસાર અધ્યાપક કાર્ય કરે છે અને અહી સર્વે સ્વીકાર્ય ઉત્તર આપવા માટે કહેવામાં આવે છે.

- સહયોગાત્મક અધિગમ એ અધ્યાપક અને વિદ્યાર્થી વચ્ચે પાઠ્યક્રમની ચર્ચા વિદ્યાર્થી વચ્ચે કરી વિદ્યાર્થીને સમસ્યાનું સમાધાન કર્તા તરીકે જોવામાં આવે છે. સમસ્યા સમાધાન અને અન્વેષણ ઉપાગમમાં સંજ્ઞાત્મક કૌશલને બળ મળે તે રીતે પ્રયોગ કરવામાં આવે છે. અહી વાતચીતને એક શિક્ષણ ઉપાગમ તરીકે જોવામાં આવે છે. અને અધ્યાપક અને વિદ્યાર્થી પાઠયક્રમની ચર્ચા કરી શીખે છે. તથા વિશ્વ વિશે એક સારા દૃષ્ટિકોણનો વિકાસ થાય છે.
- સહકારી અધિગમ મૂળભૂત જ્ઞાનમાં કૌશલ હાંસલ કરવાનો ઉત્તર ઉદાહરણ છે. વિદ્યાર્થીઓ જ્યારે સારી રીતે અકેબીજાથી પરિચિત થાય પછી તે સહયોગ કરે છે, ચર્ચા અને મૂલ્યાંકન તૈયાર થાય છે.

**સહયોગાત્મક અધિગમના લાભ :**

- *વિભિન્નતાઓન સમારોહ :* વિદ્યાર્થીઓ બધા જ પ્રકારના વ્યક્તિઓ સાથે શીખે છે. તેઓન ચિંતન માટે ઘણા જ અવસર પ્રાપ્ત થાય છે અને સહપાઠિયો દ્વારા રજૂ કરેલ પ્રશ્નો પર વિવિધ

જવાબો આપવામાં આવે છે. નાના સમૂહમાં વિદ્યાર્થીઓને વિવિધતાના આધારે, પોતાનો દષ્ટિકોણ આપવાનો અવસર મળે છે. આ રીતે આદાન-પ્રદાન કરવાથી વિદ્યાર્થી બીજાની સંસ્કૃતિ અને દષ્ટિકોણને વધુ સારીરેત સમજવાનો પ્રયાસ કરે છે.

- **વ્યક્તિગત ભિન્નાની સ્વીકૃતિ :**
  જ્યારે પ્રશ્ન પૂછવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીઓ પાસે વિભિન્ન પ્રકારના જવાબો હોય છે. દરેક જવાબ એક એવું ઉત્પાદન તૈયાર કરે છે જે વિસ્તૃત રીતે ભિન્ન દષ્ટિકોણ પ્રદર્શિત કરે છે. આ રીતે વ્યક્તિતગ ભિન્નતાનો અહીં સ્વીકાર કરવામાં આવે છે.
  આતંર વૈક્તિક વિકાસ : વિદાર્થીઓ તેમના સહપાઠીઓ સાથે સમૂહ બનાવી એકબીજાને જોડવાનું કાર્ય કરે છે. આવા વિદ્યાર્થીઓ માટે વિશેષ રીતે સહાયક છે જેમાં સામાજીક કૌશલનો અભાવ હોય. આ વ્યાખ્યામાં તે બીજાના વિચારોનો લાભ લઈ પોતાનું વિકાસ કરી શકે છે.
  અધિગમમાં વિદ્યાર્થીની સક્રિયા ભાગીદારી : નાના સમૂહમાં બધા સદસ્યો પાસે પોતાનું યોગદાન આપવા માટે અવસર હોય છે. વિદ્યાર્થી સમગ્ર શિક્ષા સામગ્રીને પોતાની માને છે અને ટીમના કાર્યના મુદ્દે સધન વિચાર વિમર્શ કરે છે.
- **વ્યક્તિગત અનુવર્તન માટે વધારે અવસર :** નાના સમૂહમાં વિચારોનું આદાન- પ્રદાન થતું હોવાથી વિદ્યાર્થી સાંભળવાનો અને પોતાના વિચારોને વ્યક્ત કરવાનો સારો અવસર મળે છે. મોટા સમૂહમાં સામાન્ય રીતે આવું સંભવ હોતું નથી. મોટા સમૂહમાં માત્ર એક કે બે વિદ્યાર્થી વિચારોની આપ લે કરે છે અને બાકીના વિદ્યાર્થીઓ સાંભળે છે.

E-10 સહકારી અને સહયોગાત્મક અધિગમ વચ્ચેનો અંતર જણાવો.

## ૪.૩ ક્રિયા કલાપ આધારિત ઉપાગમ

ક્રિયાકલાપ એટલે શું ? શું આ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતું કાર્ય છે ? એક અધ્યાપકની રીતે ક્રિયાકલાપ આધારિત કક્ષામાં વિદ્યાર્થીઓની અપેક્ષા તમારી ભૂમિકા ઓછી હશે ? આ પ્રકારના પ્રશ્નો તમારા મગજમાં હોવા જોઈએ.

આપણે જાણીએ છીએ કે કક્ષા શિક્ષણ - અભિગમ પ્રક્રિયાના ત્રણ મુખ્ય તત્વો હોય છે, અધ્યાપક શિક્ષાર્થી અને વિષય કે પાઠ્યક્રમમાં સમ્મિલિત અનુભવ આપણે આગળ ચર્ચા કરી ચૂક્યા છીએ કે શિક્ષાર્થી કેન્દ્રીત ઉપાગમ, શિક્ષણ અધિગમ પ્રક્રિયા માટે વધારે યોગ્ય છે. શિક્ષાર્થી કેન્દ્રીત ઉપાગમમાં શિક્ષાર્થીની આવશ્યકતા, રૂચિ, માનસિક ક્ષમતા અને સામાજીક સંદર્ભેને ધ્યાનમાં રાખવામાં આવે છે. ક્રિયાકલાપ આધારિત ઉપાગમમાં એવા વિદ્યાર્થીઓને મહત્વ આપવામાં આવે છે કે જેમાં તે ક્રિયા કરી નવા જ્ઞાનની પ્રાપ્તિ કરે છે.

### ૪.૩.૧ અધિગમ ક્રિયાકલાપ અને તેના તત્વ :

આપણે શિક્ષણ પ્રક્રિયા થી પરિચિત છીએ. ક્રિયાકલાપ વિશે દષ્ટિકણો જુદા-જુદા હોય શકે છે. ક્રિયાકલાપના સંદર્ભમાં કેટલાક સામાન્ય દષ્ટિકોણ નીચે મુજબ છે.

- ગીત ગાવવું, નાચવું, ભૂમિકા ભજવવી, કથા કહેવી, એકાંકી અભિગમ વગેરે.
- જે કાર્ય આનંદ દાયક છે તે ક્રિયાકલાપ છે.
- ક્રિયા કલાપમાં કેટલાક શારીરિક કાર્ય સામેલ છે.

નોંધ

- પ્રત્યેક ક્રિયાકલાપમાં શિક્ષણ સામગ્રી હોવી આવશ્યક છે.

આવો બે પરિસ્થિતિઓનું અવલોકન કરીએ જેમાં ક્રિયાકલાપ કરવામાં આવી રહ્યું છે.

**પરિસ્થિતિ - ૪** એક વિદ્યાલયમાં અધ્યાપિકા વિદ્યાએ બાળકોને પેપર, માચિસ, ગુંદર અને કાતર લાવવા કહ્યું કક્ષામાં દરેક વિદ્યાર્થીની તપાસ કરવામાં આવી તેણે મંગાવેલ સામાન લઈ આવ્યા છે કે નહીં. તેણે શ્યામ પટ્ટ પર એક કુર્શીનું ચિત્ર બનાવ્યુ અને વિદ્યાર્થીઓને આ કુર્સીનું ચિત્ર જોઈ તેનું મોડલ બનાવવા કહ્યું. તેઓ જે સાધન સામગ્રી લાવ્યા છે તેનો ઉપયોગ કરી મોડલ બનાવવું. જ્યારે વિદ્યાર્થીઓ પોત પોતાનું મોડલ તૈયાર કરતા હોય ત્યારે અધ્યાપક તેના કાર્યમાં સહકાર આપે છે. અધ્યાપક બધા જ વિદ્યાર્થીઓને અનુશાસનમાં રહેવા અને કોઈપણ પ્રશ્નો ઉભા કર્યા વગર પોતાના કાર્યમાં ધ્યાન આપવા કહ્યું જે વિદ્યાર્થીઓ સારો મોકલ તૈયાર કરે તેની પ્રશંસા કરવી જોઈએ.

**પરિસ્થિતિ-૫** વિનયભાઈ એક ગણિતના અધ્યાપક છે. તેઓ ગણિતના શિક્ષણ માટે પૂરી રીતે તૈયાર છે અને ભણાવા આવ્યા છે. તેમણે જોયું કે કક્ષાની બહારનું વાતવારણ ખૂબ જ અનુકૂલ છે અને બાળકો પક્ષકક્ષાની બહાર જોઈ રહ્યા છે. ઝાડ, છોડ અને ફુલો બાળકોનું ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે. તેમણે પોતાની યોજનામાં પરિવર્તન લાવી વિદ્યાર્થીઓને કહ્યું કે આપણે બધા ૫ મિનિટ માટે કક્ષાની બહાર જઈશું. કક્ષાની બહાર જઈ બધાએ કોઈપણ એક વસ્તુ એકત્રિત કરવાની છે. બધા જ વિદ્યાર્થીઓ પ્રફુલ્લિત થઈ કક્ષાની બહાર જતા રહ્યા અને તેઓ ફુલ, પત્તિઓ, ઘડી, નાના પથ્થરના ટૂકડા વગેરે એકત્રિત કરી કક્ષામાં પાછા ફર્યા. તે પછી તેમણે કક્ષાને બે ભાગોમાં વહેંચી દીધી અને વિદ્યાર્થીઓને સામે સામે બે અર્ધવૃત્તાકારમા બેસવા કહ્યું અને એક રમત વસ્તુની ઓળખ શરૂ કરી. બંને સમૂહોને મધ્યમાં એકત્રિત કરેલી વસ્તુઓ રાખી. એક સમૂહના વિદ્યાર્થીએ પેપર પર સામે સામેલી વસ્તુનું નામ લખી અધ્યાપકને આપી દીધું અને બીજા સમૂહના વિદ્યાર્થીને કહ્યું કે તે વધુમાં વધુ ૧૦ પ્રશ્નો પૂછી વસ્તુની ઓળખ કરે આ પ્રશ્નોના જવાબ હા કે નામાં પ્રથમ સમૂહના વિદ્યાર્થીઓ આપ્યા. પ્રશ્ન વસ્તુની ઓળખ સંબંધિત હતા. જ્યારે સમૂહ એક જ પ્રશ્ન પૂછી વસ્તુને ઓળખી જાય ત્યારે તેને ૧૦ અંક આપવામાં આવ્યા, ત્યારપછીના દરેક પ્રશ્નદીઠ ૧ ગુણ ઓછો કરવામા આવતો. બંને સમૂહના સદસ્યોને પૂછેલા પ્રશ્નોના જવાબ વિચારવાનો સમય આપવામાં આવ્યો. પાંચ રાઉન્ડ પછી બધા જ વિદ્યાર્થીઓ નાચવા લાગ્યા કેમ કે તે બધી જ વસ્તુઓના નામ ઓળખવામાં સફળ થયા હતા. આમ રમત ચાલતી રહી આ રીતે છેલ્લે જે સમૂહએ વધારે ગુણ મેળવ્યા છે તેમને વિજયી ઘોષિત કરવામાં આવ્યા. આ વચ્ચે પીરિયડનો સમય સમાપ્ત થઈ ગયો હતો અને કોઈએ પણ ઘંટી વાગવાની રાહ જોઈ નથી. અને તે પ્રશ્ને સજાગપણ નહોતા.




ઉપરની બંને પરિસ્થિતિઓમાં અધ્યાપક બાળકો સાથે સલંગ્ન રહી પ્રયાસ કરી રહ્યા છે પ્રથમ પરિસ્થિતિમાં અધ્યાપક પૂર્ણ રીતે બાળકો પર નિયંત્રણ રાખે છે અને બાળકો જે કાર્ય કરી રહ્યા છે તેના રસ છે કે નહી કે ચકાસે છે. વિદ્યાર્થી અધ્યાપકના નિદેશાનુસાર કાર્ય પૂરો કરે છે.

બીજી પરિસ્થિતિ આ રીતે અલગ હતી.

- વિદ્યાર્થીઓની રૂચિને જોતા અધ્યાપક પોતાની યોજના બદલે છે.
- સમૂહ કાર્યને આ પ્રકારે કરવામાં આવે છે. જેમાં બાળકો સ્વતંત્ર રીતે એકબીજા સાથે મળી કાર્ય કરે છે.
- સમૂહમાં અંદરોઅંદર ચર્ચા કરી પ્રશ્નોના કોશલને પ્રાપ્ત કરી લે છે.
- વિદ્યાર્થીઓ એકબીજા સાથે સહયોગ કર્યો.
- બાળકોન્એ આનંદપૂર્વક લક્ષ્યની પ્રાપ્તિ કરી.

આપે ધ્યાન આપ્યું હશે કે ક્રિયાકલાપોમાં ન તો શારિરીક ક્રિયા છે, ન ગાવાનું કે નાચવાનું છે અને ન તેઓ કોઈ વાર્તા સંભળાવે છે તો પણ બાળકો સક્રિય રીતે ભાગ લઈ આનંદપૂર્વક ઉદ્દેશ્યને પ્રાપ્ત કરે છે.

ટેબલ ૪.૩ માં આપેલા ક્રિયાકલાપોનો અવલોકન કરો અને ધ્યાનથી વાંચો.

| ઉદ્દેશ્ય | ક્રિયાકલાપ | પ્રક્રિયા |
|---|---|---|
| વન્ય પ્રાણીને ઓળખવા વાચનની યોગ્યતા | ક્રિયાકલાપની સાથે ગીત ગાવું | ● વિદ્યાર્થીઓ વૃત્તાકારમાં ઉભાર રહે ●અધ્યાપક મધ્યમાં ઉભા રહેશે અને પ્રથમ બે લાઈન ગાવશે અને બાળકો અભિનય કેળવવી. કરતાં કરતાં ગોળ ગોળ ફરશે. ●મધ્યમાં એક વિદ્યાર્થી જ પશુની અવાજ કાઢશે અને બાળકો અવાજ અને અભિનય કરતા કરતાં ગોળ ગોળ ફરશે. ● જે વિદ્યાર્થી સારી રીતે ભાગ નહી લે તેને ગેરલાયક કરી બહાર કાઢવામાં આવશે પછી અવલોકન કર્યા પછી સમૂહમાં સામેલ કરવામાં આવશે. |
| ગણિતની ભૂમિતિની આકૃતિઓને ઓળખવી | ભૂમિતિની આકૃતિનો ઉપયોગથી ચિત્રણ કરવું જેમકે | અધ્યાપક શ્યામપટ્ટ પર ભૂમિતિની વિવિધ આકૃતિઓનું ચિત્રણ કરશે વિદ્યાર્થીઓને નિર્દેશ આપવામાં આવશે કેઆ વિવિધ આકૃતિઓનો ઉપયોગ ○ ⟍ \| △ ▭ |

| | | |
|---|---|---|
| સંખ્યાનું નિર્માણ | ગ્રિડગેમ | કરી ચિત્ર બનાવે. ઉદાહરણ તરીકે<br><br>●વિદ્યાર્થીઓને કહીશુ કે ૧૫ મિનિટની અંદર જેટલા વધારેથી વધારે ચિત્રો દોરી શકાય દોરીશું.<br>●એક ૪ x ૪ નો વર્ગ દોરીશું ૩ x ૩ અથવા ૫ x ૫ નો વર્ગ પર દોરી શકાય.<br><br>●એક ખાનામાં એક એક લખતા કહીશું<br>●ત્રણ ખાનાનો ઉપયોગ કરી સંખ્યા લખવા કહીશું વર્ણમાળાનો ઉપયોગ કરી શબ્દ પણ બનાવી શકાય<br>●૧૦ મિનિટ પછી જોઈશું કે વિદ્યાર્થી કેટલા શબ્દોની કે સંખ્યાની રચના કરે છે તે જોઈશું.<br>●જે વિદ્યાર્થી સૌથી વધારે સંખ્યા લખશે તેને પ્રથમ વિજેતા જાહેર કરવામાં આવશે. |

ઉદાહરણોનું અવલોકન કરીશું.

- ક્રિયાકલાપમાં રમત, વાર્તા, અભિયન, ગાવવું વગેરેને સામેલ કરી શકાય. જો કે કોઈ એ રીતથી પણ ઘણી બધી રીતોનો સમન્વય કરી શકાય છે.
- દરેક બાળકને ક્રિયાકલાપનો અવસર મળે છે. ક્રિયા કલાપ વ્યક્તિ કે સમૂહમાં કરી શકાય.
- દરેક ક્રિયાકલાપમાં શારીરિક અભ્યાસ થઈ શકે કે નહી પણ માનસિક અભ્યાસ જેમકે ચિંતન, શ્રેણીમાં ભાવસ્થાપન, વિભિન્ન સમસ્યાઓના સમાધાનનો કૌશલ નિકાલ આવશ્યક છે.
- દરેક વિદ્યાર્થી દરેક ક્રિયાકલાપના સામેલ થઈ તેને ભાગ લેવાની સંતુષ્ટિનો આભાસ થશે.
- ક્રિયા કલાપમાં જરૂરી ફેરફાર કરી નવા ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે તેનો ઉપયોગ કરી શકાય છે. આ પ્રકારની ક્રિયા કલાપનો ઉદ્દેશ્ય શિક્ષાર્થીઓ સાથે મળી આનંદપૂર્વક અધિગમ ઉદ્દેશ્યની પ્રાપ્તિ કરવાનો છે.




ક્રિયાકલાપ - ૧

તમને પસંદ હોય તેવા વિષય પર કક્ષામાં ગણિત, વિજ્ઞાન ભાષા કે પર્યાવરણના અધ્યયન માટે અવધારણા પસંદ કરી કોઈપણ બે ક્રિયાકલાપ તૈયાર કરો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

**ક્રિયાકલાપ તત્વો :** જ્યારે તમે ક્રિયાકલાપ આધારિત કક્ષાકક્ષમાં પ્રવેશ કરો છો ત્યોર એવા કયાં પગલાં લેશો કે જેથી તમને વિશ્વસસ થાય કે ક્રિયાકલાપ સારી રીતે ચાલે છે.

તમારે નીચેની વાતોનું ધ્યાન રાખવું.

- વિદ્યાર્થી તમારી હાજરીથી વ્યથિત ન હોવા જોઈએ અને પોતાના કાર્યમાં સંલગ્ન રહે.
- તેઓ એકબીજા સાથે વાતચીત કરે, ચર્ચા કરે, સામગ્રીઓનું ગુણાંકન કરી સમસ્યાના સમાધાન કરવાના વિવિધ પગલાં લેશે.
- જો તમે એને પૂછો કે તે શું કરી રહ્યા છે તો તે સ્પષ્ટ રીતે વર્ણન કરી શકે કે આ ક્રિયાકલાપ કરવાનં કારણ શું છે અને તેનો ઉદ્દેશ્ય શું છે.

બીજા શબ્દોમાં કહીએ કે ક્રિયાકલાપ રૂચિકર હોવું જોઈએ કે જેથી વિદ્યાર્થી અધિગમ ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે પ્રોત્સાહિત કરે. જો કે ક્રિયાકલાપ વિદ્યાર્થીઓ માટે વધુ કઠિન છે બહુ જ સરળ હોવું જોઈએ નહી કારણ કે ક્રિયાકલાપ વધુ સરળ હશે તો વિદ્યાર્થી ઓછી રૂચિ લેશે અને વધુ કઠિન હશે તો વિદાર્થી તે ક્રિયાકલાપથી બચવાનો પ્રયાસ કરશે. વિદ્યાર્થી એવા ક્રિયાકલાપોમાં ભાગ લેશે કે જેનાં તે પોતાના કાર્યનું સંપાદન કરી શકે. ક્રિયાકલાપને આ રીતે તૈયાર કરવામાં આવે છે કે વિદ્યાર્થી વ્યક્તિગત રીતે કે પોતાના સહપાઠીઓ સાથે વાતચીત કરી અધ્યાપકની સહાયતા લઈ કાર્ય પૂર્ણ કરે છે. કાર્યમાં સહભાગી બનવું એ જ ક્રિયાકલાપનો મહત્વપૂર્ણ તત્વ છે. વિદ્યાર્થી ક્રિયાકલાપમાં ભાગ લઈ વિદ્યાર્થી આનંદપૂર્વક પોતાની સર્જનાત્ક ક્રિયાને વધારે વેગ આપે છે. વિદ્યાર્થીઓ મુશ્કેલથી મુશ્કેલ કાર્યને સ્વીકારી તેમા રહેલી વિકટતાને દૂર કરી વધારે સામેલ થાય છે. અહી વિદ્યાર્થી બોજ રહિત આનંદ સાથે કાર્યને પૂર્ણ કરી આપે છે. જે વિદ્યાર્થી પોતાનો કાર્ય પૂર્ણ કરે છે તે વધારે આનંદથી અનુભૂતિ થાય છે.

આમ એક પ્રભાવકારી અધિગમ ક્રિયાકલાપના મુખ્ય ચાર તત્વો છે.

- **ધ્યાનકેન્દ્રિત :** અધિગમ ક્રિયાકલાપ હંમેશા લક્ષ્ય આધારિત હોવો જોઈએ. તેને એ રીતે તૈયાર કરવામાં આવે છે કે જેથી પ્રતિભાગી વિદ્યાર્થી સમસ્યા સમાધાનીન લક્ષ્ય પ્રાપ્તિ માટે પ્રયાસ કરે છે અને પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેનું ધ્યાન ભંગ થતું નથી.
- **કઠિનતા :** એક પ્રભાવકારી ક્રિયાકલાપ વિદ્યાર્થી સામે એક વિકટ પરિસ્થિતિ મૂકે છે આ પરિસ્થિતિ આટલી સરળ પણ ન હોવી જોઈએ કે વિદ્યાર્થીને તેને પૂર્ણ કરવામાં રસ ન હોય અથવા આટલી કઠિન પણ ન હોવી જોઈએ કે તેના લક્ષ્યની પ્રાપ્તિથી દૂર જાય. વિદ્યાર્થીમાં ક્ષમતા હોય છે પણ ધ્યાન કેન્દ્રિત કરી વધુ પ્રયાસો કરી સમસ્યાનું સમાધાન કરે છે.

## શિક્ષાર્થી અને અધિગમ - કેન્દ્રિત ઉપાગમ

- **સ્વૈચ્છિક :** ક્રિયાકલાપ એવો હોવો જોઈએ કે જેની શરૂઆત થતા જ વિદ્યાર્થી તેનાં ભાગ લેવા માટે તરતજ આકર્ષિત થાય અને કોઈ પણ દબાણ વગર તેની ઈચ્છાનુસાર ભાગ લે.
- **આનંદદાયક :** ક્રિયા કલાપ એટલું આનંદદાયક હોવો જોઈએ કે તેની પૂર્ણતા થતા જ વિદ્યાર્થીને સંતુષ્ટીનો અનુભવ થાય. એક સારા ક્રિયાકલાપનું આયોજ એવું હોવું જોઈએ કે જે વિદ્યાર્થીઓને રૂચિકર બનાવે. ક્રિયાકલાપ વિદ્યાર્થીઓમાં ઉપલબ્ધિનો ભાવા લાવે તથા કઠિન કાર્ય કરવા માટે અંદરથી પ્રોત્સાહિત થાય. આ તત્વો એકબીજાથી સ્વતંત્ર નથી પણ પરસ્પર આંતર - આશ્રિત છે આકૃતિમાં ક્રિયાકલાપની યોજનાની રૂપરેખા નીચે મુજબ છે.

●કંઠસ્થી કરણ
- નિયમોનો જ્ઞાન
- વારંવાર વાંચન
- પ્રતિલિપિકરણ
- અધ્યાપક પ્રદર્શન
ક્રિયાકલાપ નથી

- અમૂર્ત અવધારણ / પ્રક્રિયાને સ્થૂળ બનવામાં માટે સામગ્રીનો ઉપયોગ કરે છે.
- એક સહાયક ઉપયોગ કરી શકે છે.
- એક રમત રમી શકાય છે.
- એક અનુભવ થઈ શકે.
- નાટક સામેલ કરી શકાય.
- કોઈ શારિરીક વેગનો ઉપયોગ ન પણ થાય.

ગુણ

ક્રિયાકલાપ

એક ક્રિયાકલાપની વિશેષતાઓ

ઉદ્દેશય

- રૂચિકર
- અર્થપૂર્ણ
- વિવિધ પ્રકારની યોગ્યતા અને કૌશલ વિકાસના અવસર આપવા
- સંઘર્ષનો સ્વીકાર
- ચિંતનનો સ્થાન

- સમસ્યા સાથે સંઘર્ષનો પ્રારંભ કરવો.
- અવધારણા / પ્રક્રિયાનો અભ્યાસ કરવો.
- એક યોગ્યતાના વિકાસનો અભ્યાસ
- એક અવધારણાનું મૂર્તરૂપમાં પ્રદર્શન
- એક વિચારની જરૂરીયાત જાણવી.
(એક માનક એકમ, એક માટે માનક પ્રતિક વગેરે માટે સામાજીક સંદર્ભ ઉભો કરવો.
ક્ષેતિજ વ્યાખ્યા માટે અવસર ઉભા કરવા અને નવી પ્રક્રિયાઓ કોશલને યુક્તિઓનો અધિકાર અને વિકાસ કરવો.

- વ્યકિગત બાળક
- અધ્યાપકન અને બાળકોનું નાનુ સમૂહ



નોંધ

- બાળકોનું સમૂહ
- અધ્યાપક અને સંપૂર્ણ કક્ષા
- બાળકોને બિરદાવવા

આકૃતિ-૧ ક્રિયાકલાપની યોજનાની રૂપરેખા
(Source : 1GNOU - LMT - 01 Block-2, 2000 PC3)

E-11 એક ક્રિયાકલાપની મુખ્ય વિશેષતાઓ જણાવો :

E-12 કંઠસ્થીકરણને એક ક્રિયાકલાપ શા માટે ગણવામાં આવતું નથી.

## ૪.૩.૨ અધિગમ ક્રિયાકલાપનો કક્ષા પ્રબંધન

અત્યાર સુધી તમે કક્ષા આયોજનમાં સમન્ય કક્ષા સંચાલન અને ક્રિયાકલાપ આધારિત કક્ષા સંચાલનમાં તફાવતની તમે ચોક્કસ નોંધ લીધી હશે.

**ક્રિયાકલાપ - ૨**

એક અધ્યાપક કેન્દ્રીત કક્ષા અને ક્રિયાકલાપ આધારિત કક્ષાના સંચાલનનીવચ્ચે તફાવતની સૂચી બનાવો.....

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

ક્રિયાકલાપ આધારિત કક્ષા સંચાલનની યોજના બનાવવામાં એક મહત્વપૂર્ણ ઉદ્દેશ્યની પૂર્ણ સાક્ષણા માટે જરૂરી છે. દાખલા તરીકે તમે કોઈ નવી અવધારણાઓ પરિચય કરાવવા માંગો છે ? કે બાળકોને પહેલેથી જ પરિચિત કોઈ અવધારણાને જે યોગ્ય રીતે સમજાવવાની ઈચ્છા છે? તમે કોઈ કઠિન કાર્ય આપવા માંગો છો? એકવાર આપનો ઉદ્દેશ્ય સ્પષ્ટ થઈજાય પછી એક યોગ્ય ક્રિયાકલાપની યોજના બનાવવાની જરૂરીયાત છે. કેટલાક ક્રિયાકલાપો નવા હોય શકે જ્યારે કેટલાક જૂના ક્રિયાકલાપોનું વિસ્તરણ પણ હોઈ શકે. કેટલાક તમારા ઉદ્દેશ્યથી પ્રત્યક્ષ રીતે જોડાયેલા હશે તો કેટલાક અપ્રત્યક્ષ રીતે. પરંતુ બનં અવસ્થામાં ક્રિયાકલાપ રૂચિકર અન્વેષણોને ઉપલબ્ધ કરવા માટે હશે. અધિગમને અસરકારક રીતે સુગમ બનાવવા માટે ક્રિયાકલાપની મુખ્ય વિશેષતાઅને ધ્યાનમાં રાખવું ખૂબ જ જરૂરી છે. કક્ષાના ક્રિયયાકલાપના આયોજન પછી તેના સુગમ અને પ્રભાવી રીતે અમલ થાય તે માટે યોગ્ય આયોજન થવું જોઈએ. અધિગમ ક્રિયાકલાપના સફળતાપૂર્વક આગળ માટેનીચેના મહત્વના પાસાઓને ધ્યાનમાં રાખીશું.

નોંધ

- **જરૂરી જગ્યાનું પ્રબંધન :** *ક્રિયાકલાપના સંચાલન માટે કક્ષાના જરૂરી યોગ્ય સ્થાનનું પ્રબંધન કરવા માટે યોજના બનાવવી જરૂરી છે. શિક્ષણ સામગ્રી શ્યામ પટ કે પ્રદર્શન બોર્ડની યોગ્ય જગ્યાએ ગોઠવણી કરવી જોઈએ. જ્યારે કેટલીક જગ્યા વિદ્યાર્થીઓના રેકોર્ડ અને પોર્ટ ફોલિયો રાખવા માટે કબાટ કે ઘોડા (રૈક) હોવા જોઈએ. વિદ્યાર્થીઓને બેસતા, ચાલવા, ફરવા માટે તથા સામૂહિક કાર્યો માટે કક્ષાની અંદર યોગ્ય જરૂરી જગ્યા હોવી જોઈએ. જ્યારે પણ કોઈ ક્રિયાકલાપ કરવામાં આવે તે પહેલા સમૂહની સંખ્યા, ક્રિયાકલાપનો પ્રકાર તથા તેના યોગ્ય અમલ માટે જરૂરી સ્થાનની ગોઠવણી કરવી જોઈએ.*
- **સાધન સામગ્રી પ્રબંધન :** *ક્રિયાકલાપ શરૂ કરવા પહેલા દરેક કક્ષામાં શિક્ષણ અધિગમ સંબંધી સામગ્રી યોગ્ય પ્રમાણમાં છે તે ચકાસી લેવી જોઈએ. તમે જાણતા હકો કે* TLM *ની મુખ્ય બે શ્રેણીઓ છે.* (i) *આધારભૂત સામગ્રી જેમાં પાયા, ઘડિયાલ, ફ્લેશ કાર્ડ, બીજ, પત્થરના ટૂકડા વગેરેનો ઉપયોગ થાય છે.* (ii) *વિશેષ ક્રિયાકલાપ માટે વિશિષ્ટ સામગ્રી. તમારે પ્રથમ શ્રેણીના ક્રિયાકલાપ માટે શિક્ષણ સામગ્રીની યોગ્ય ચકાણી કરી લેવી અને તેની યોગ્ય વ્યવસ્થા ગોઠવી દેતી. જ્યારે કોઈ વિશિષ્ટ ક્રિયાકલાપ કરો ત્યારે તેના માટેની વિશિષ્ટ વ્યવસ્થા અને શિક્ષણ સામગ્રી ગોઠવવી જોઈએ.* TLM *ની પસંદગી વખતે વિદ્યાર્થીઓને પણ સામેલ કરતા જોઈએ, તેથી તેઓ યોગ્ય સમયે યોગ્ય સામગ્રી લાવી શકે. આ પ્રસંગે ક્રિયાકલાપ દરમ્યાન તેમની સહાયતા કરવાની છે. જે વિદ્યાર્થીઓ તેમનુ ંકામ નિર્ધારિત સમયમાં પૂરો કરી લે છે તેમના માટે કોઈ રમત તૈયાર રાખવી ક્રિયાકલાપ સમાપ્ત થયા પછી* TLM *ને તેમની યોગ્ય જગ્યાએ મૂકવા તેની આદતનું નિર્માણ વિદ્યાર્થીમાં કરવું અને કાર્ય કરવા માટે તેમણે પૂર્ણ અધિકાર આપવા.*
- **ક્રિયાકલાપ વિદ્યાર્થીઓની ભાગીદારી :** *ક્રિયાકલાપમાં વિદ્યાર્થીઓની ભાગીદારી જ અધિગમને સહજ સુગમ બનાવે છે. તેથી જ ક્રિયાકલાપના આયોજન વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમં રાખશો.*
- **ક્રિયાકલાપની પ્રકૃતિ :** *કોઈપણ વિષયવસ્તુના ક્રિયાકલાપને પસંદ કરતી વખતે વિષયવસ્તુની ઉપર્યુક્ત ઉપયોગીતા અને પ્રાસંગિકતાની સાથે સાથે વિદ્યાર્થીઓના સંજ્ઞાત્મક સ્તરતુ પણ ધ્યાન રાખવામાં આવે છે. તમારે નિર્ણય લેવાનો લે કે આ ક્રિયાકલાપ વ્યક્તિગત છે, સમૂહ માટે છે કે સંપૂર્ણ કક્ષા માટે છે ? શું આ કક્ષા ને સહજ બનાવવા માટેનો સામાન્ય ક્રિયાકલાપ છે કે અત્યાધિક શારીરિક ક્રિયાથી ભરપૂર કે વિચાર અને ચિંતન કરવાનો ક્રિયાકલાપ છે ?*
- **ક્રિયા કલાપનું પ્રદર્શન :** *ક્રિયાકલાપની પ્રગતિ માટે સ્પષ્ટ દિશા નિર્દેશ હોવા જોઈએ. લાંબા મૌખિક સ્પષ્ટીકરણના ઉપયોગ કરવા કરતા સરળ ઉદાહરણ કે ચિત્રણ ક્રિયાકલાપના વિચારને વધારે સ્પષ્ટ કરે છે. વધારાના નિયમો વડે ક્રિયાકલાપની પ્રગતિનો સમય અને બાળકો દ્વારા તેનું અવલોકન કરી શકાય છે.*

*એક પીરિયડની વિવિધ સમયઅવધિ મુજબ અલગ-અલગ ક્રિયાકલાપનું આયોજન કરવું જોઈએ. પીરીયડની શરૂઆતમાં નાના સામૂહિક ક્રિયાકલાપોનું આયોજન કરવું જોઈએ તે પછી કક્ષામાં ક્રિયાકલાપની વિવિધ ઘટનાઓની ચર્ચા કરવી જોઈએ. જો જરૂરિયાત લાગે તો પિરીયડની વચ્ચે કોઈ બાળક વ્યક્તિગત ક્રિયાકલાપ પણ આયોજીત કરી શકે. પરીયડના અંતે સંપૂર્ણ કક્ષા દ્વારા કરાવમાં આવતા કાર્યો પર વિચાર વિગર્શ કરી ક્રિયાકલાપના પરિણામનું*



નોંધ

સારાંશ મેળવવામાં આવે છે. જો સમાપન યોગ્ય રીતે અને યોગ્ય દિશામાં ન કરવામાં આવે તો અધિગમનો હેતુ સિધ્ધ થાય નહી માટે બાળકો શીખે તે દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

- **દરેક વિદ્યાર્થીની ભાગીદારી નક્કી કરવી :** ક્રિયાકલાપમાં વિદ્યાર્થી ભાગ લે તે માટે સંભવ છે કે બધા જ વિદ્યાર્થીઓ ભાગ લે અને એવું પણ બને કે વિદ્યાર્થીઓ બધા જ ક્રિયાકલાપમાં ભાગ ન પણ લે. વિદ્યાર્થીના વિચારોમાં હંમેશા પરિવર્તન આવતા હોયછે પરંતુ તમે તેની ભાગીદારી અવશ્ય સુનિશ્ચિત કરી દેશો. જ્યારે પણ જરૂર જણાય ત્યારે ક્રિયાકલાપમાં નાના પરિવર્તન કરી વિદ્યાર્થીની ભાગીદારીને વધારવી જોઈએ. બધા જ વિદ્યાર્થીઓના કાર્ય પર સૂત્ર નજર રાખવી અને વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા કે જેથી કોઈ વિદ્યાર્થી નિષ્ક્રીય ન રહે.

- ક્રિયાકલાપની શરૂઆતમાં દિશા નિર્દેશ આપવા માટે અને કોઈ મુદ્દાન સ્પષ્ટતા કરવા માટે આપની ઉપસ્થિતિ જરૂરી છે. જો ક્રિયાકલાપ બાળકોના નાના સમૂહમાં આયોજીત કરવાના હોય તો સમય કાઢી દરેક સમૂહના વિદ્યાર્થીઓ સાથે વાત કરો. દરેક વિદ્યાર્થી ક્રિયાકલાપમાં વચ્ચે સામાજીક આંતરક્રિયાને સહજ સુગમ બનાવવામાં આવે છે. વિદ્યાર્થી દ્વારા કરવામાં આવતી કાર્યવાહીની માહિતી આપવી જોઈએ. આ રીતે તમે એ પણ નિર્ણય લઈ શકશો કે ક્રિયાકલાપની બાળકો પરના અભિગમ પર શું અસર થાય તે જાણી શકાશે.

- **ક્રિયાલાપમાં સમુદાયની સહભાગીતા :** ઘણીવાર સમુદાય સંશોધનોનો ઉપયોગ ક્રિયાકલાપને વધુ અર્થપૂર્ણ અને પ્રાથમિક બનાવા માટે કરવામાં આવે છે. સ્થાનીક સ્વરૂપે લોકકથાઓ, લોકગીત, રમત કે કોયડાની તરીકે ક્રિયાકલાપમાં આનો ઉપયોગ સહજ રીતે કરી શકાય છે. ઉપરાંત સમુદાયના સભ્યોને સંસાધન વ્યક્તિ તરીકે સામેલ કરી શકાય છે. જેમકે સ્થાનીય કલાકાર, ખેડૂત, હસ્તશિલ્પી વગેરે. આ બધા કક્ષા ક્રિયાકલાપનીગુણવતાને સામાજીક સાંસ્કૃતિક રીતે સંદર્ભગત અને પ્રાસંગિક બનાવી શકે છે. સમુદાયની મહિલાઓ બાળકોને વાર્તાઓ સંભાળાવે અને યુવા મહિલાઓ બાળકોને નૃત્ય અને ગાયન શિખવાડે.

- **મૂલ્યાંકનની પ્રક્રિયા :** ક્રિયાકલાપ આધારિત અધિગમ ઉપાગમમાં વિશેષકર રચનાત્મક સ્તર પર અધિગમના મૂલ્યાંકનમાં સ્વ-મૂલ્યાંકન, સહપાકિયો દ્વારા મૂલ્યાંકન કે સામૂહિક મૂલ્યાંકન સામેલ છે. મૂલ્યાંકન સતત કરવું જોઈએ કે જેથી વિદ્યાર્થી તેના અધિગમ પ્રગતિ વિશે સાચા સમય માહિતી મેળવી શકે અને અભિગમની ગુણવત્તાનો સુધાર કરી શકે. ચોક્કસ રીતે નાના સમૂહના ક્રિયાકલાપમાં સહપાઠિયો દ્વારા મૂલ્યાંકન આંતર નિર્મિત હોય છે .તેથી તેને અધિગમમાં એક પ્રભાવકારી અનૌપચારિક મૂલ્યાંકનની પણ જરૂરીયાત હોય છે.

સમય પ્રબંધન : કક્ષામાં એક પીરિયડનો સમય નક્કી હોયછે તે મુજબ કક્ષાના ક્રિયાકલાપની યોજના બનાવવી જવોઈએ. દરેક ક્રિયાકલાપનું આયોજન પીરિયડ દરમ્યાન કરવું જરૂરી છે. સામાન્ય ક્રિયાકલાપના પરિચય માટે ૫ થી ૧૦ મિનિટ અને સમાપન ક્રિયાકલાપ માટે ૫ થી ૧૦ મિનિટનો સમય નક્કી કરવામાં આવે છે. અધિકારા સમય ક્રિયાકલાપના આયોજન માટે કરવામાં આવે છે. દરેક ક્રિયાકલાપની શરૂઆત વિદ્યાર્થીઓને નિર્ધારિત સમયાવધિ માટે જરૂરી માહિતી આપવી જોઈએ. એક ક્રિયાકલાપ આધારિત કક્ષામાં ૪૦ થી ૫૦ મિનિટનો એક પીરિયડ યોગ્ય અને પર્યાપ્ત નથી. શાળના ટાઈમ ટેબલમાં ક્રિયાકલાપ માટે વધારે સમય ફાળવવો જઈએ. (રીસેસની પહેલાના કે પછીના બે સલંગ પિરિયડ ) સમયની ફાળવણી કરવી વખતે એ વાત ધ્યાનમાં રાખવી કે દરેક વિષયના નિર્ધારિત સમય અનુપાતમાં કોઈ ફેરફાર ન થવું જોઈએ. જેથી કોઈ વિધ્ન ઉભા ન થાય.

## ૪.૩.૩ અધિગમ ક્રિયાકલાપના ફાયદા :

ક્રિયાકલાપના કેટલાક ફાયદાઓ નીચે મુજબ છે.

- ક્રિયાકલાપ પોતાની રીતે શીખવા અને શીખવવા માટે ગતિ નક્કી કરે છે. અને તે માટે કાર્યક્ષેત્ર પૂરૂ પાડે છે. ક્રિયાકલાપમાં વિદ્યાર્થીની ભાગીદારી તેમા રહેલી સુશુપ્ત શક્તિઓના વિકાસમાં અમૂલ્ય ફાળો આપે છે વળી તે પોતાના જ્ઞાનનું મૂલ્યાંકન કરે છે અને નવા જ્ઞાનની સંરચના કરે છે. ક્રિયા કલાપની પ્રકૃતિ આ પ્રકારની હોવી જોઈએ કે જેથી વિદ્યાર્થી તેના પૂર્ણ રીતે જોડાઈ જાય. તે વિદ્યાર્થીમાં રૂચિ ઉત્પન્ન કરે છે અને વધુને વધુ જ્ઞાન ઉપાર્જન માટે પ્રેરિત થાય છે.
- જાણવા માટે શીખવું, કરવા માટે શીખવું, વહેચવા માટે શીખવું અને સ્વ અભિવ્યક્તિ માટે શીખવું - અધિગમના આ ચાર સ્વજનો વિશે ક્રિયાકલાપ આધારિત માધ્યમથી ભણી શકાય છે. ક્રિયાકલાપમાં થોડા ફેરફારો કરી નિશ્ચિત કક્ષામાં પરિસ્થિતિના સ્તરોના આધારે સરળતાથી આયોજન કરી શકાય છે. એક ક્રિયાકલાપમાં ભાગ લેતી વખતે ભળે તે સમૂહમાં હોય, વ્યક્તિગત રીતે હોય, સહ્યાક્રિયો સાથે શીખવાની સ્થિતિ હોય, વિદ્યાર્થી ઘણી રીતે ઘણા પ્રકારે જ્ઞાન સંપાદન કરે છે. તે માટે તેઓ તેમની તાર્કિક ક્ષમતા, વૈચારિક ક્ષમતા, વૈકલ્પિક શોધ, સામજીક જ્ઞાન, ભાવના પર નિયંત્રણ તથા સહયોગની ક્ષમતાઓ ઉપયોગ કરે છે. આ માટે તેઓ વિવિધ પ્રકારની વિધિઓ કરે છે આ માટે આની ક્રિયાકલાપ આયોજનથી વિદ્યાર્થીઓમાં સંજ્ઞાત્મક, સામાજીક ભાવનાત્મક તથા માનસિક સંવેગોના તણાત્મક વિકાસ માટે સહાયતા મળે છે તે તેમનું વ્યક્તિગત વિકાસને સુનિશ્ચિત કરે છે.

## ૪.૩.૪ ક્રિયાકલાપ આધારિત ઉપાગમ સંબંધી મુદ્દાઓ પર વિચાર :

આપણને અધ્યાપક કેન્દ્રિત ઉપાગમના માધ્યમથી અધ્યાપન કરવાની આદત પડી ગઈ છે તેથી વિદ્યાર્થી કેન્દ્રીત અને ક્રિયાકલાપોથી શિક્ષાર્થીને જ્ઞાન આપવુ આપણે સ્વીકાર કરી શકતા નથી. અધ્યાપકો દ્વારા તે મુદ્દે કેટલાક વિચારણીય વિચાર છે જે નીચે આપેલા છે તે પછી તેમણે આપેલા પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયાસ કરશો.

૧. એક ક્રિયા કલાપ તૈયાર કરવો એ એક અધ્યાપક માટે કઠિન અને સમય વ્યર્થ કરનારૂ કાર્ય છે.

૨. એક વિશેષ અવધારણાની સંબંધિત ક્રિયાકલાપ ડિઝાઈન કરવુ એ એક અનુભવી અને વિશેષજ્ઞ અધ્યાપક માટે સરળ કાર્ય તેવું શકે પરંતુ નવા અને અનુભવ હીન અધ્યાપક માટે કઠિન કાર્ય છે.

૩. કક્ષામાં ક્રિયાપદના આયોજન માટે સમય પ્રબંધન એક મહત્વપૂર્ણ સમસ્યા છે. સામાન્ય રીતે પીરિયડ ૪૦ થી ૪૫ મિનિટનો હોય છે. આ પરિયડમાં ક્રિયાકલાપ કરવો કઠિન છે અને જો ક્રિયા કલાપ કરવામાં આવે તો નિર્ધારિત સમયમાં પાઠ્યક્રમ પૂરો થાય તેમ નથી.

૪. એક અધ્યાપક માટે ગીત ગાવવું, ભૂમિકા ભજવવી, વાર્તા કહેવી, ચિત્રાંકન કરવુ અને મોડેલ બનાવવું બહુ જ કઠિન છે. આ પ્રકારની સમસ્યાના નિરાકરણ માટે સુજાવ આપો.

૫. એક ક્રિયા કલાપના આયોજન માટે ઘણા TLM ની જરૂરિયાત હોય છે. આવા TLM તૈયાર કરવા કે એકઠા કરવામાં ઘણો સમયનું વ્યય થાય છે.

આ મુદ્દાઓના આધન માટે વિવિધ રીતોનું વર્ણન કરો. આવો વિશ્વાસ રાખવામાં આવે છે



નોંધ

કે ક્રિયાકલાપ આધારિત અધિગમ, શિક્ષાર્થી કેન્દ્રિત શિક્ષણ અધિગમ શિક્ષણ અધિગમ પ્રક્રિયા માટે ઉત્તમ ઉપાગમ છે. જે અધ્યાપકો અધ્યાપક કેન્દ્રી ઉપાગમનથી પરિચિત છે તેમનો ક્રિયાકલાપ આધારિત ઉપાગમ અપનાવવા માટે તેમના દષ્ટિકોણમાં ફેરફાર લાવવાની જરૂર છે જ્યારે અધ્યાપક કક્ષામાં નિયમિત રીતે ક્રિયાકલાપનું આયોજન કરશે ત્યારે તે વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ રીતે શીખવવામાં અને તેમને કાર્ય ક્ષેત્રના અવસરો પૂરા પાડવામાં સાર્થક સાબિત થશે. સામૂહિક અધિગમ અને સ્વ-અધિગમને પ્રોત્સાહન આપી અધ્યાપક કાર્યને વધુ રૂચિકર અને વિશ્વસનીય બનાવી શકે છે. તેનાથી અધિગમની ગુણવત્તામાં પણ વધારો થાય છે.

## ૪.૪ સારાંશ :

- કેમકે વિદ્યાર્થીને બધી શૈક્ષણિક ગતિવિધિઓનું કેન્દ્ર છે તેથી એ આવશ્યક છે કે કક્ષાના બધા જ વિદ્યાર્થીઓની વિશેષતાઓની વિસ્તૃત માહિતી એકઠી કરવામાં આવે.
- શિક્ષાથી કેન્દ્રીત ઉપાગમને સ્વીકારવા માટે વિદ્યાર્થીના વિવિધ તબક્કાઓને સમજવું જરૂરી છે જેમકે તેમનો શારીરિક વિકાસ, સ્વાસ્થ્ય, માનસિક યોગ્યતા, વ્યક્તિગત વિશેષતાઓ, પ્રેરણા, ઘર અને પરિવાર, સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ વગેરેની માહિતી મેળવવી જોઈએ.
- શિક્ષાથી કેન્દ્રિત ઉપાગમમાં અધ્યાપકની મહત્વપૂર્ણ ભૂમિકા

  (i) વિદ્યાર્થીઓના અવલોકન કર્તા તથા નિદાન કર્તા

  (ii) અધિગમને અનૂકૂલ વાતાવરણ તૈયાર કરવું.

  (iii) અધિગમને સહજ અને સુગમ બનાવવું.
- શિક્ષાર્થી કેન્દ્રીત શિક્ષા મુખ્ય રીતે વિદ્યાર્થીઓના અધિગમ પર પ્રમુખતાથી વિચાર કરતા અધિગમ પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આમ આધારભૂત રીતે તે શિક્ષાર્થી કેન્દ્રીત છે પરંતુ અધ્યાપક પણ આ અધિગમ પ્રક્રિયામાં સામેલ થાય છે.
- સહકારી અધિગમ એ એક નાના વિશિષ્ટ સમૂહનું ઉપાગમ છે જેમાં પ્રજાતાંત્રિક પ્રક્રિયા, વ્યક્તિગત જવાબદારી, સમાન અવસર અને સમૂહ પુરસ્કાર સામેલ છે સહકારી અધિગમ મોડલ ત્રણ મહત્વપૂર્ણ અનુદેશાત્મક લક્ષ્યની પ્રાપ્તિના પ્રયાસ કરે છે.
- શૈક્ષણિક ઉપલબ્ધિ વિભિન્નતાનો સ્વીકાર અને સામાજીક કૌશલનો વિકાસ સહયોગાત્મક અધિગમ શિક્ષણ અધિગમની એક એવી વિધી છે કે જેમા વિદ્યાર્થી અને અધ્યાપક બંને એક વિશિષ્ટ સમત્યાની શોખમાં નિકળે છે અને એક અર્થપૂર્ણ પ્રોજેક્ટનું નિર્માણ કરેછે. સહયોગાત્મક અભિગમ વિધિયો અને વાતાવરણની સંબંધિત છે. આમા શિક્ષાર્થી એક ઉભયનિષ્ઠ કાર્યમા સલંગી હોય છે જેનાં બધા વિદ્યાર્થી એકબીજાને સહકાર આપે છે અને જવાબદારી સ્વીકારે છે.
- આ એક એવુ ક્રિયાકલાપ છે જેમાં વિદ્યાર્થી જાતે સામેલ થાય છે અને અધિગમ ઉદ્દેશ્યોની પ્રાપ્તિથી આનંદનો અનુભવ કરે છે. એક ક્રિયાકલાપના ચાર મુખ્ય તત્વો છે. ફોક્સ, ચૂનોતી, સ્વભાગીદારી અને આનંદદાયક.
- જો કક્ષામાં ક્રિયાકલાપને યોગ્ય રીતે સંચાલિત કરવામાં આવે તો તેનાથી ઘણા ફાયદા થાય છે આના વડે વિદ્યાર્થીને સંદર્ભગત, પ્રાસંગિક અને અર્થપૂર્ણ રીતે અધિગમના અવસરો ઉપલબ્ધ કરાવાય છે.

નોંધ



## ૪.૫ પ્રગતિની તપાસ માટે આદર્શ ઉત્તર

E-1 નીચેનમાંથી કોઈપણ ત્રણ

- અધ્યાપક વુધ સક્રિય
- વિદ્યાર્થી વધુ સક્રિય
- કક્ષામાં અધ્યાપક નિર્દેશિત અનુશાસન
- અધ્યાપક શું કરે છે તેનાં વિદ્યાર્થીઓનું ઘણી જ ઓછું રુચિ પ્રદર્શન

E-2 (ખ) (ગ) અને (ડ)

E-3 (i) શિક્ષાર્થી બધા શૈક્ષણિક અભ્યાસોનો કેન્દ્ર હોય છે.

(ii) વિદ્યાર્થીની વિવિધ બાબતો વિશે માહિતી રાખવાથી યોગ્ય અધિગમ અનુભવ ઉપલબ્ધ કરવામાં સહાયતા મળે છે.

E-4 (i) અપસારી અધિગમ તરીકે સૂઅના અને કલ્પનાનો ઉપયોગ સમસ્યા સમાધાનમાં કરવામાં આવે છે. જ્યારે અભિસારી અધિગમ તરીકે વ્યવહારિક અનુભવનો ઉપયોગ સમસ્યા સમાધાન કરવામાં કરે છે.

(ii) જેઓ સપસારી અધિગમની શીખે છે તેઓ વસ્તુઓને વિભિન્ન દષ્ટિકોણથી જુએ છે જ્યારે અભિસારી અધિગમની શીખનાર વ્યવહારિક મૂલ્યોને વધુ ધ્યાનમાં રાખે છે.

E-5 (ક) વિદ્યાર્થીના અવલોકન કર્તા અને નિદાન કર્તા (ખ) અધિગમ માટે વાતાવરણ તૈયાર કરવુ અને (ગ) અધિગમ સુગમકર્તા

E-6 (i) અનુવભ ગ્રાહ્ય અને (ii) અનુભવ રૂપાંતરણ

E-7 (i) પારસ્પરિક અંત-ક્રિયા દ્વારા સમજ સૃજન કરવું.

(ii) વૈકલ્પિક મૂલ્યોથી સંદર્ભગત અર્થ નિકાલવું

E-8 Weimer ના પાંચ અભ્યાસમાંથી કોઈ ત્રણ

E-9 સમૂહમાં પરસ્પર સહયોગ અને સકારાત્મક દષ્ટિકોણથી વિદ્યાર્થીમાં આત્મ વિશ્વાસ જાગૃત થાય છે એકબીજાથી પ્રતિ સ્પર્ધા કરવાથી નહી.

E-10 કોઈ બે તફાવતોનો વર્ણન કરો.

E-11 ફોક્સ, ચૂનોતિ, સ્વઃ સ્ફુર્ત આંતરભાગીદારી અને આનંદદાયક

E-12 કંઠરથીકરણ, એ એવું આંતરિક યાંત્રિક ક્રિયાકલાપ છે કે જેમાં ચારેમાંથી એકપણ વિશેષતાનો સમાવેશ થતો નથી.

નોંધ

## ૪.૬ સંદર્ભ ગ્રંથિ / કેટલાક ઉપયોગી પુસ્તકો

1. Brown, H., and Ciuffetelli, D.C. (Eds.). (2009). Foundational methods:Understanding teaching and learning. Toronto: Pearson Education.
2. Cooper, James M. Classroom teaching skills. Boston, New York: Houghton Mifflin Company.
3. IGONU (2000). Learning Mathematics: Encouraging Learn ing in the Classroom (LMT-01). New Delhi:School of Sciences, IGONU.
4. Weimer, M. (2002). Learner-centered teaching. San Francisco: Jossey-Bass.

## ૪.૭ અન્ય એકમ અભ્યાસ :

૧. *શિક્ષાર્થી કેન્દ્રીત ઉપાગમ અને અધિગમ કેન્દ્રીત ઉપાગમની વચ્ચે તફાવત જણાવો.*

૨. *સહયોગાત્મક અધિગમની વિશેષતાઓનું વર્ણન કરો. આનો અધિગમ કેન્દ્રીત ઉપાગમ શા માટે કહેવાય છે ?*

૩. *પ્રાથમિક વિદ્યાલયના પાઠ્યક્રમના વિવિધ વિષયોનું ઉદાહરણ પ્રસ્તુત કરી ક્રિયાકલાપની વિશેષતાઓની વ્યાખ્યા કરો. આ ઉપાગમમાં લાભ અને સીમાઓનું વર્ણન કરો.*

૪. *કક્ષામાં ક્રિયાકલાપ પ્રબંધનના વિવિધ પગલાઓનું વર્ણન કરો.*